
વર્ણન પણ મૂકવામાં આવેલું છે. પ્રસ્તાવનાકાર વાત્સલ્ય-વારિધિ પરમશાસનપ્રભાવક – શાસ્ત્રવિશારદ – કવિરત્ન પ. પૂ. આચાર્યપ્રવર શ્રીમદ્દવિજય અમૃતસૂરીશ્વરજી મ૦શ્રી, સંપાદક પૂ૦ પંન્યાસ શ્રીવિબુધવિજયજી ગણી મ૦ શ્રી તથા પ્રેરક પૂ૦ પંન્યાસ શ્રીવિનોદવિજયજી ગણીમ૦ શ્રીનો વંદના પૂર્વક આભાર માનીએ છીએ. તદુપરાંત ભૂમિકાલેખક ને પ્રુફસંશોધક પંડિત કપુરચંદ રણછોડદાસ વારૈયાનો સહાયક સદ્‌ગૃહસ્થોનો અને મુદ્રક ભાવનગર આનંદ પ્રિન્ટિંગ પ્રેસના માલીક હરિલાલ દેવચંદ શેઠનો પણ આભાર માનીએ છીએ.





सम्यग्दर्शनशुद्धं यो ज्ञानं विरतिमेव चाप्नोति ।
दुःखनिमित्तमपीदं तेन सुलब्धं भवति जन्म ॥ १ ॥

અનંત ઉપકારી શ્રી વીતરાગ ભગવંતોએ મનુષ્યજન્મની મહત્તા બતાવતાં ફરમાવ્યું છે કે—આ મનુષ્યજન્મ, સમ્યગ્દર્શનથી શુદ્ધ જ્ઞાન અને ચારિત્ર મેળવી શકાય છે, તેથી જ જન્મ એ દુઃખનું કારણ હોવા છતાં આ જન્મને ઉત્તમ ગણાવ્યો છે.

સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એક-બીજા સાથે સંકળાયેલા છે. જ્યાં સુધી સમ્યગ્દર્શન ન હોય ત્યાં સુધીનું બધું જ જ્ઞાન અજ્ઞાન કહેવાય છે અને જે સમયે સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય તે સમયે જ જે જ્ઞાન હોય તે બધું સમ્યગ્જ્ઞાન કહેવાય છે, કારણ કે તે જ્ઞાન આત્માભિમુખ બને છે, [illegible]

વાચક મહાનુભાવો આ ગ્રંથોનો સૂક્ષ્મદૃષ્ટિથી અભ્યાસ કરી-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં આગળ વધી સ્વ-પર કલ્યાણ સાધો, એવી અંતરની અભિલાષા,

વારૈયા સદન
પાલિતાણા
તા. ૨૨-૮-'૫૪

લિ. સંઘસેવક
કપુરચંદ રણછોડદાસ વારૈયા



દ્રવ્યસહાયક

સદ્‌ગૃહસ્થોની શુભ નામાવલિ

રૂપિયા	નામ	ગામ
૧૦૦૦)	પાટણ-પ્રતિષ્ઠાસ્મૃતિ નિમિત્તે શ્રી મણીયાતી પાડાના જૈન સંઘ તરફથી	પાટણ, ઉ૦ ગુજરાત
૧૦૦૦)	સ્વ. શા ગુણેશમલજી વનાજી તથા તેમના સ્વ. સુપુત્ર ઉત્તમભાઈના સ્મરણાર્થે, શા ગુણેશમલજીના ધર્મપત્ની ધર્મીબાઈ તરફથી	માંડાણી (સિરોહી) રાજસ્થાન-મારવાડ
૧૦૦૦)	શા વાલચંદ પ્રતાપચંદજી પારેખ તરફથી	ખીમેલ રાજસ્થાન-મારવાડ
૫૦૦)	શા હીમ્મતમલ ગુલાબચંદજી રાજવત તરફથી	ખીમેલ રાજસ્થાન-મારવાડ
૫૦૧)	સ્વ. સુપુત્ર કાન્તિલાલના સ્મરણાર્થે શા હેમરાજજી હંસરાજજી વરાડાવાળા તરફથી	સિરોહી રાજસ્થાન મારવાડ
૩૫૧)	વિ. સં. ૨૦૨૪ની સાલના શ્રીપર્યુષણા મહાપર્વના પ્રસંગે પૂ. આ. શ્રીમદ્ વિજય સુશીલસૂરીશ્વરજી મ. શ્રીની પુણ્ય નિશ્રામાં	રામસીન રાજસ્થાન મારવાડ

શા બાબુલાલજી મંછાજીના ધર્મપત્ની
ભૂરીબાઈએ કરેલ સિદ્ધિતપની સ્મૃતિ
નિમિત્તે ભૂરીબાઈ તરફથી

૨૫૧) વિ સં. ૨૦૨૪ની સાલના શ્રી પર્યુષણા — દામણીન
મહાપર્વના પ્રસંગે પૂ. આ. શ્રીમદ્ વિજય- — રાજસ્થાન
સુશીલસૂરીશ્વરજી મ શ્રીની શુભનિશ્રામાં — મારવાડ
શા ફુલચંદ બુધાજીના ધર્મપત્ની નરબા
બાઈએ કરેલ સોળ ઉપવાસની સ્મૃતિ
નિમિત્તે, શા ફુલચંદ બુધાજી તરફથી

૨૫૧) વિ. સં. ૨૦૨૪ની સાલના શ્રીપર્યુષણા — દામણીન
મહાપર્વના પ્રસંગે પૂ આ. શ્રીમદ્ વિજય — રાજસ્થાન
સુશીલસૂરીશ્વરજી મ શ્રીની પુ.ય નિશ્રામાં — મારવાડ
શા બાબુલાલજી જુહાજીના ધર્મપત્ની
વજુબાઈએ કરેલ દસ ઉપવાસની સ્મૃતિ
નિમિત્તે શા બાબુબાઈ જુહાજી તરફથી

૨૫૧) શ્રી મંગળનાથજીની પેઢી તરફથી ગુડાબાલોતરા
રાજસ્થાન મારવાડ

૨૫૧) વિ. સં. ૨૦૨૫ની સાલમાં દેલવાળા પૂ. — આબાદ
આ. શ્રીમદ્ વિજયરામસૂરીશ્વરજી મ. — રાજસ્થાન
શ્રીના આજ્ઞાવર્તિની પૂ સાધ્વી શ્રીમનો — મારવાડ
હરશ્રીજીએ કરેલ સમાસી તપની સ્મૃતિ
નિમિત્તે શા જવાનમલ તારાચંદજી
તરફથી.

૧૫૧)	વિ. સં. ૨૦૨૨ની સાલના શ્રીપર્યુષણા મહાપર્વમાં પૂ. આ. શ્રીમદ્ વિજય-સુશીલસૂરીશ્વરજી મ.શ્રીની શુભ નિશ્રામાં મહેતા મદનરાજજી વદન-રાજશ્રીએ ચોસઠ પહોરી પૌષધમાં કરેલ અઠ્ઠાઈતપની સ્મૃતિ નિમિત્તે મહેતા મદનરાજજી તરફથી.	ખીમેલ રાજસ્થાન મારવાડ
૧૦૧)	વિ. સં. ૨૦૨૨ની સાલના શ્રીપર્યુષણા મહાપર્વ પ્રસંગે પૂ. આ. શ્રીમદ્ વિજય સુશીલસૂરીશ્વરજી મ.શ્રીની પુણ્ય નિશ્રામાં શા વાલચંદજી માન-મલજી ખીમાવતના ધર્મપત્નીએ કરેલ માસખમણની તપશ્ચર્યાની સ્મૃતિ નિમિત્તે શા વાલચંદજી માનમલજી ખીમાવત તરફથી	ખીમેલ રાજસ્થાન મારવાડ
૧૦૧)	વિ. સં. ૨૦૨૨ના શ્રી પર્યુષણ મહા-પર્વમાં પૂ. આ. શ્રીમદ્‌વિજયસુશીલ સૂરીશ્વરજી મ.શ્રીની શુભ નિશ્રામાં શા લાલચંદજી માનમલજી ખીમાવત તથા તેમનાં ધર્મપત્ની ઉમરાવબાઈએ કરેલ ૧૫ ઉપવાસની સ્મૃતિ નિમિત્તે શા લાલચદજી માનમલજી ખીમાવત તરફથી.	ખીમેલ રાજસ્થાન મારવાડ
૧૦૧)	વિ. સં. ૨૦૨૨ની સાલના શ્રીપર્યુષણા	ખીમેલ

મહાપર્વમાં પૂ. આ. શ્રીમદ્ વિજય- રાજસ્થાન
સુશીલસૂરીશ્વરજી મ.શ્રીની પુણ્ય મારવાડ
નિશ્રામાં શા જવાનમલજી દલીચંદજી
કોઠારીના ધર્મપત્ની ચુંદરબાઈએ કરેલ
અઠ્ઠમ તપની સ્મૃતિ નિમિત્તે શા જવા-
નમલજી દલીચંદજી કોઠારી તરફથી.

૧૦૧) વિ. સં. ૨૦૨૩ની સાલના શ્રીપર્યુષણા ખીમેલ
મહાપર્વમાં પૂ. આ. શ્રીમદ્ વિજય- રાજસ્થાન
સુશીલસૂરીશ્વરજી મ.શ્રીની શુભ મારવાડ
નિશ્રામાં શા ભેરુમલજી ચમનાજી
પારેખના ધર્મપત્ની લક્ષ્મીબાઈએ કરેલ
અઠ્ઠાઈ તપની સ્મૃતિ નિમિત્તે શા
શાન્તિલાલ ભેરુમલજી પારેખ તરફથી.

૧૦૧) શા બસ્તીમલ ઉમેદમલજી પારેખ ખીમેલ
તરફથી રાજસ્થાન-મારવાડ

૧૦૧) વિ. સં. ૨૦૨૪ કાર્તિક શુદ ત્રીજને સિરોહી
દિવસે પૂ. આ. શ્રીમદ્ વિજયસુશીલ- રાજસ્થાન
સૂરીશ્વરજી મ.શ્રીની શુભ નિશ્રામાં મારવાડ
સિરોહીમાં શા પરમચંદજી શીશી-
મલજી સિંઘીએ નાણ સમક્ષ વિધિપૂર્વક
સ્વીકારેલ બારવ્રતની સ્મૃતિ નિમિત્તે
શા. પરમચંદજી શીશીમલજી સિંઘી
તરફથી.

૧૦૧)	વિ. સં. ૨૦૨૫ના માગશર [પોષ] વદ છઠને દિવસે જસવંતપુરામાં પૂ. આ. વિજયસુશીલસૂરીશ્વરજી મ. શ્રીની શુભ નિશ્રામાં શા શંકરલાલ હંસાજીએ નાણ સમક્ષ વિધિપૂર્વક ઉચ્ચરેલ બાર-વ્રત તથા તેમનાં ધર્મપત્ની કાન્તાબાઇએ ઉચ્ચરેલ બ્રહ્મચર્યવ્રતની સ્મૃતિ નિમિત્તે શા શંકરલાલ હંસાજી તરફથી.	જસવંતપુરા રાજસ્થાન મારવાડ
૭૫)	શા અમરચંદ શિવરાજજી સીંઘીના સ્મરણાર્થે તેમનાં ધર્મપત્ની બબીબાઈ તરફથી.	સિરોહી રાજસ્થાન
૫૧)	શા લાલચંદ સુરતાજી તરફથી	રામસીન રાજસ્થાન–મારવાડ.



શ્રી મહાવીર જિનેશ્વર પ્રાર્થના અષ્ટક

રચયિતા: પૂ. આ૦ શ્રી સુશીલસૂરીશ્વરજી મહારાજ.

[રાગ- ચમન ક્યાફ નામ નિશાન]

ૐ જય શ્રી મહાવીર પ્રભો! વર્દ્ધમાન શ્રીવીર વિભો!
ૐ જય શ્રી મહાવીર પ્રભો!, વર્દ્ધમાન શ્રીવીર વિભો.
ૐ જય૦ [૧]

શાસનનાયક શિવસુખદાયક, વિઘ્નવિનાશક દેવ;
શક્રાદિસુરાસુરેન્દ્રસે સેવિત, નરનરેન્દ્રસે દેવ.
ૐ જય૦ ૨]

કેવલ દર્શન ધારક તુંહી, કેવલજ્ઞાની તુંહી,
દોષ અઢારહ રહિત તુંહી હૈ, આઠ કર્મસે શૂન્ય તુંહી.
ૐ જય૦ [૩]

તીર્થંકર પદ પુરંદર તુંહી, સિદ્ધ બુદ્ધ શુદ્ધ તુંહી,
તરન તારન નીરંજન તુંહી, વીતરાગ ભી તુંહી.
ૐ જય૦ [૪]

અજર અમર અકલંક તુંહી હૈ અવિચલ અવિનાશી;
અનંતગુણી તુંહી અંતરયામી, શ્રી અરિહંત યશી.
ૐ જય૦ [૫]

જગચિંતામણી જગગુરુ તુંહી, માતા પતા જગ તુંહી;
જગબન્ધુ કૃપારસસિન્ધુ, જગજનત્રાતા તુંહી.
ૐ જય૦ [૬]

જનમનરંજન નાથ નિરંજન, નિરુપાધિક તુંહી;
પતિતપાવન પરઉપકારી, વાંછિતપુરક તુંહી.
ૐ જય૦ [૭]

સુશીલ સેવક અર્જ કરત હૈ, સમ્યક્ત્વ સંયમ દીએ;
કર્મ હટાકર હમકો જિનેશ્વર!, કેવલ મુક્તિ સુખ દીએ.
ૐ જય૦ [૮]



શ્રી જૈસલમેર તીર્થ સ્તવન

કર્તા-પૂ. આ. શ્રી વિજયસુશીલસૂરીશ્વરજી મહારાજ

[શોભા મોરાદેશની થારે કહું - એ રાગ]

શોભા જૈસલમેરકી થી રે કહું,
    દેખા જૈસલમેર ગઢ દેદાર;
જાઉં વારી રે, પાર્શ્વનાથ ભેટ્યાના વધામણાં. (અચલી)

પ્રભુ ચિંતામણી પાર્શ્વનાથકા
    દેખા મંદિર સુંદર મનોહાર,
જાઉં વારી રે, પાર્શ્વનાથ ભેટ્યાના વધામણાં [૧]

સંભવ - શીતલ -શાન્તિનાથકા
    દેખા મંદિર અષ્ટાપદ સુખકાર,
જાઉં વારી રે પાર્શ્વનાથ ભેટ્યાના વધામણાં. [૨]


ચંદ્રપ્રભ ઔર આદિનાથકા,
    દેખા મંદિર મહાવીર કિનારા,
જાઉં વારી રે. પાર્શ્વનાથ ભેટ્યાના વધામણાં. [૩]

છ હજાર ને છમો જિનબિંબ,
    મોહે જિનેશ્વરકે દરબાર,
જાઉં વારી રે. પાર્શ્વનાથ ભેટ્યાના વધામણાં. [૪]

જિનવરદર્શન – પૂજન કરકે,
હર્ષ પાવે સહુ નર નાર,
જાઉં વારી રે. પાર્શ્વનાથ ભેટયાના વધામણા. [૫]

જન્મ સફળ હુઆ આજ મેરા,
હુઇ તીર્થયાત્રા આનંદકાર,
જાઉં વારી રે. પાર્શ્વનાથ ભેટયાના વધામણા. [૬]

સુશીલ સેવક વિનતિ સુનકે,
પ્રભો ! આપો મોક્ષ સુખ અપાર,
જાઉં વારી રે, પાર્શ્વનાથ ભેટયાના વધામણા. [૭]



। શ્રી વરકાણાજી તીર્થ સમીપવર્તી મુંડારામાં
શાસનપ્રભાવનાપૂર્વક મહામહોત્સવ સહિત થયેલ છે.

ાશ્રી-શાસ્ત્રવિશારદ, સાહિત્યરત્ન અને કવિભૂષણ એ
ાલંકૃત છે. તથા પ્રખરવક્તા અને લેખપટુ તરીકે
નિદ્ધ છે.

ાશ્રીને-શ્રી જૈસલમેર તીર્થમાં પ્રતિષ્ઠા મહોત્સવ
ીસંઘે ' જૈન દિવાકર ' એ પદવી અલંકૃત કરેલ છે

ાશ્રી-બાલબ્રહ્મચારી, ૩૯ વર્ષના નિર્મલ દીક્ષા
ા, અને વ્યાકરણ-ન્યાય-સાહિત્ય-છંદ-કોશ-આગમ
નેક શાસ્ત્રોના જ્ઞાતા છે. તથા પ્રશાન્ત, સૌજન્યમૂર્તિ,
ી, સચ્ચારિત્રશીલ, ક્રિયાપાત્ર અને જ્ઞાનધ્યાનાદિકમા

-વિદ્યમાન ૪૫ આગમના યોગોદ્વહન વિધિ
ી નવપદજી મહારાજની ઓળી, વીશસ્થાનક
ાન તપની ૩૩ ઓળી અને તીર્થપ્રિયાલ
ધિ સહિત ૯૯ યાત્રા આદિ કરેલ છે
ત્રતા પણ વિધિપૂર્વક કરેલી છે.

ય પ્રસ્થાનની પણ વિધિપૂર્વક
છે.

પાટનગર ઉદયપુરમાં પિતાશ્રીની સમ્મંત અને હાજરી સહિત મહામહોત્સવપૂર્વક થયેલી છે.

જેઓશ્રીની વડીદીક્ષા–વિ. સં. ૧૯૮૮ ના મહા શુદ પાંચમ (વસંતપંચમી) ના દિવસે પ. પૂ. શાસનસમ્રાટ્ શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી મ. શ્રીના વરદહસ્તે, મહા-ગુજરાતમાં આવેલ શ્રી સેરીસા તીર્થમાં નૂતન જિનમંદિરમાં શ્રી સેરીસા પાર્શ્વનાથ પ્રભુના પ્રવેશ પ્રસંગે ચાલી રહેલા બૃહદ્નંદ્યાવર્ત પૂજન યુક્ત મહામહોત્સવ પૂર્વક થયેલ છે.

જેઓશ્રીની ગણિપદવી–વિ. સં. ૨૦૦૭ ના કાર્તિક વદ છઠના દિવસે પ. પૂ. આચાર્યવર્ય શ્રીમદ્ વિજયલાવણ્ય-સૂરીશ્વરજી મ. શ્રીના વરદહસ્તે, સૌરાષ્ટ્રમાં આવેલ વેરાવળ બંદરમાં તેઓશ્રીના ગુરુવર્ય પૂજ્ય મુનિપ્રવર શ્રી દક્ષવિજયજી મ. શ્રીની સાથે સોળ દિવસના મહામહોત્સવપૂર્વક થયેલી છે.

જેઓશ્રીની પંન્યાસપદવી–વિ. સં. ૨૦૦૭ ના વૈશાખ શુદ ત્રીજ (અક્ષયતૃતીયા) ના દિવસે સ્વ. પૂ. શાસનસમ્રાટ્ના સમુદાયના આઠ પૂજ્યપાદ આચાર્ય મહારાજાદિ વિશાલ સાધુ સમુદાય, સાધ્વી સમુદાય અને શ્રાવક–શ્રાવિકાદિ જૈન–જૈનેતર પ્રજાની સમક્ષ, સ્વ. સમુદાયના પંદર ગણિવરોની સાથે રાજનગર અમદાવાદમાં મહામહોત્સવપૂર્વક થયેલ છે.

જેઓશ્રીની ઉપાધ્યાય અને આચાર્યપદવી–વિ. સં. ૨૦૨૧ ના મહા શુદ ત્રીજના દિવસે ઉપાધ્યાય પદવી અને પાંચમ (વસંત પંચમી)ના દિવસે આચાર્ય પદવી, પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયદક્ષસૂરીશ્વરજી મ. શ્રીના વરદહસ્તે, રાજસ્થાનાન્તર્ગત મરૂધરદેશમાં આવેલ સુપ્રસિદ્ધ શ્રી રાણકપુરજી

બે બોલ

ઉદ્યમી પુરુષ ઉત્તમ ભૂમિમાં ઉત્તમ ધાન્યનું બીજ વાવેતર કરે તો અનેકગણું ધાન્ય પ્રાપ્ત કરે છે, તેવી જ રીતે અત્યુત્તમ સાત ક્ષેત્રોમાં ન્યાયોપાર્જિત દ્રવ્ય વાપરવાથી આત્મા પુણ્યાનુબંધી પુણ્ય બાંધે છે, તેના યોગે આત્માને ઉત્તરોત્તર સુગતિની પ્રાપ્તિ, વિપુલ સમૃદ્ધિ અને પરંપરાએ સિદ્ધિગતિ–મોક્ષની પ્રાપ્તિ થાય છે.

પ. પૂ૦ આચાર્યદેવ શ્રી વિજયસુશીલસૂરીશ્વરજી મહારાજશ્રીએ એ અત્યુત્તમ સાત ક્ષેત્રો સંબંધી ટૂંકમાં પણ સુંદર માહિતી આપી છે.

સાતે ય ક્ષેત્રોનું અલગ અલગ વર્ણન, તે અંગેનો જાણવા યોગ્ય ઈતિહાસ, પૂર્વના જ્ઞાની ભગવંતોના જુદા જુદા ગ્રંથોમાંથી સાત ક્ષેત્ર અંગેના સાક્ષીપાઠો આપવા પૂર્વકનાં વર્ણનો આપી આ લઘુ પુસ્તિકાને એક સુંદર પુસ્તિકા બનાવેલ છે.

વાચકો આ વિવેચન સાદ્યંત મનનપૂર્વક વાંચી, સાત ક્ષેત્રોનું સ્વરૂપ સમજી, તે તે ક્ષેત્રોની સુંદર આરાધના કરી પોતાનું જીવન સમુજ્જવલ બનાવે એ જ અભ્યર્થના.

લિ૦

પાલિતાણા
સં. ૨૦૨૦ માગશર વદિ ૮
તા. [illegible]

કપૂરચંદ રણછોડદાસ વારૈયા
સંપાદક
શ્રી જૈન [illegible] મંડળ.

ॐ ह्रीँ श्रीँ अर्हं नमः

અત્યુત્તમ સાત ક્ષેત્રો

અનાદિ અને અનંત એવું આ વિશ્વ-જગત છે. તેમાં વર્તી રહેલા ધર્મોમા સર્વશ્રેષ્ઠ જૈનધર્મ છે

તેના દેવ સર્વજ્ઞ વીતરાગી-જિનેશ્વર-તીર્થંકરો છે. તેના ગુરુ પંચમહાવ્રતધારી સદ્ધર્મોપદેશક શ્રમણ-સાધુઓ-મુનિઓ છે અહિંસા, સંયમ અને તપ એ ત્રિવેણીના સંગમ રૂપ એ ધર્મ છે

તેમાં અત્યુત્તમ સાત ક્ષેત્રો પ્રતિપાદન કરવામાં આવ્યાં છે. જેનાં નામ નીચે પ્રમાણે છે.

[૧] જિનબિંબ [જિનમૂર્તિ] [૨] જિનમંદિર [જિનચૈત્ય, જિનભવન] [૩] જિનાગમ [૪] સાધુ [૫] સાધ્વી [૬] શ્રાવક અને [૭] શ્રાવિકા.

શાસ્ત્રમાં એ સાતેયને ક્ષેત્ર તરીકે સંબોધ્યાં છે.

જેમ ક્ષેત્રમાં બીજનું વાવેતર કરવામાં આવે છે, તેમ આ સાતેય ક્ષેત્રમાં ન્યાયથી ઉપાર્જન કરેલ ધનનું બીજ વાવેતર કરવાનું હોય છે.

શાસ્ત્રમાં કહ્યું છે કે—

" जिनभवने जिनबिम्बे, जिनागमे जिनवरस्य वरसङ्घे।
विहितसदानिजवित्तः, स एव पुरुषोत्तमो लोके ॥ १ ॥ "

જિનેન્દ્રના ચૈત્યને વિષે, જિનેન્દ્રની પ્રતિમા વિષે, જિનેન્દ્રે કહેલા આગમને વિષે તથા જિનેશ્વરના (સાધુ, સાધ્વી, શ્રાવક, અને શ્રાવિકા રૂપ) ચતુર્વિધ શ્રેષ્ઠ સંઘને વિષે જે મનુષ્ય નિરંતર પોતાના વિત્તનો (ધનનો) વ્યય કરે છે. તેજ લોકમાં ઉત્તમ પુરુષ છે. (૧)

વળી કહ્યું છે કે :–

" रम्ये हर्म्ये तीर्थनाथस्य बिम्बे,
श्लाघ्ये सङ्घे पुस्तके च प्रशस्ते ।
एतत्क्षेत्र्यां सत्तमं वित्तबीजं,
भव्यैरुप्तं मोक्षलक्ष्मीं प्रसूते ॥२॥

શ્રી જિનેન્દ્રદેવનું મનોહર મંદિર, પ્રશસ્ત જિનબિંબ, ચતુર્વિધ સંઘ, અને સમ્યગ્જ્ઞાનના પુસ્તક રૂપ ઉત્તમ ક્ષેત્રમાં ભવ્ય જીવોએ વાવેલું ધન બીજ, મોક્ષલક્ષ્મી આપે છે (૨)

[illegible]નીજનોએ ભક્તિ અને શ્રદ્ધાપૂર્વક આ સાતેય ક્ષેત્રોમાં પોતાના ધનનું વાવેતર (ખર્ચ) અવશ્ય કરવું જોઈએ.

[illegible] આને વિશેષ ધર્મ તરીકે જણાવવામાં આવ્યું છે કે–

" [illegible]नैः [illegible], गृहिणां निरूपितः ।
[illegible] यथा [illegible] दीनानुकम्पनम् ॥ "

(धर्मसंग्रह मूळगाथा ६९.)

એ અતિચારો વિના (બારે) વ્રતોનું આચરણ એટલે પાલન કરવું તે ગૃહસ્થનો વિશેષ ધર્મ છે. વળી સાત-ક્ષેત્રોમાં ધન ખર્ચવું-વાપરવું, દીન દુઃખીજીવોની અનુકંપા કરવી તે પણ ગૃહસ્થનો વિશેષ ધર્મ છે (૬૯) ,,

મહાપુરુષો એ સાતક્ષેત્રમાં ધન વાપરવાનો સદુપદેશ આપતાં જણાવે છે કે—

" चैत्यप्रतिमापुस्तकवेदश्रीसङ्घभेदरूपेषु ।
क्षेत्रेषु सप्तसु धनं, वपेद्भूरिफलाप्तये ॥ "
[आचारोपदेश, वर्ग ६, श्लो० ९]

દેરાસર, પ્રતિમા, આગમ અને ચતુર્વિધ શ્રી સંઘ (એટલે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા) રૂપ સાત ક્ષેત્રમાં, અધિક ફળ પ્રાપ્ત કરવા માટે ધનને વાવવુ અર્થાત વાપરવું. (૯)

ધર્મીજનોએ અહર્નિશ લાભ લેવા માટે એ સાતેય સેત્રમાં ધનનો સદ્વ્યય કરવાનો હોય છે.

તે આ પ્રમાણે—

[૧] જિનબિમ્બ (જિનમૂર્ત્તિ : એ જૈનોના વીતરાગ દેવાધિદેવનું પ્રતિક છે. ભવ્યાત્માઓને ભવસિન્ધુ તરવા માટે અને મુક્તિકિનારે પહોંચવા માટે અદ્વિતીય નૌકા-જહાજ સમાન જિનબિંબ જિનમૂર્તિ પરમ આલંબનરૂપ છે.

ધર્મીજનોએ શ્રી જિનેશ્વરદેવની વિશિષ્ટ લક્ષણથી સમલંકૃત અને જોતાં જ સર્વને અતીવ આનંદ આહ્લાદ

દેવના દર્શનની પ્રાપ્તિ થઈ અને મહાન લાભ થયો. તે જ પ્રમાણે અવારનવાર વારંવાર જિનદર્શનથી સંસ્કાર પડતાં આત્માને અત્યંત લાભ થાય છે.

[૩] શાશ્વતચૈત્ય-એટલે અનાદિકાળથી ઉર્ધ્વલોકમાં અધોલોકમાં અને તિર્ચ્છાલોકમાં (અર્થાત્ સ્વર્ગ-મૃત્યુ-પાતાલમાં) રહેલાં શાશ્વતા જિનમંદિરોમાં ત્રણેય કાળ માટે જે જિનમૂર્તિઓની અસ્તિતા વિદ્યમાનતા છે તે 'શાશ્વતચૈત્ય' કહેવાય છે.

આ રીતે જિનબિંબો (ચૈત્યો) ત્રણ પ્રકારે જાણવાં. પ્રાણ-પ્રતિષ્ઠા-અંજનશલાકા દ્વારા શ્રી વીતરાગદેવના સ્વરૂપનો આરોપ કરાએલ એ જિનબિંબોના દર્શન-વંદન પૂજનાદિકથી અનેક ભવ્યાત્માઓ ભવસિન્ધુથી તર્યા છે, તરે છે અને તરશે એ નિશ્ચિત છે.

જિનમૂર્તિ ભરાવવાનું ફળ-

જેના પ્રબળ પુણ્યોદય હોય છે એ જ ભવ્યાત્મા શ્રી જિનેશ્વર ભગવાનની મૂર્તિ ભરાવી શકે છે.

જિનમૂર્તિ ભરાવનાર-કરાવનાર ભવ્યાત્મા તીર્થંકર થાય છે. ઇન્દ્ર થાય છે અને છેવટે મોક્ષને પણ પામે છે.

આ જ વાતની સાક્ષી નીચે જણાવેલા બન્ને શ્લોકો પૂરી રહ્યા છે. જુઓ—

"સુવર્ણરત્નમયીં, સ્ફાટિકમયીમપિ ।
કારયેદર્હતાં મૂર્તિં, સ ચ તીર્થંકરો ભવેત્ ॥"

[આચારોપદેશ, વર્ગ ૬, શ્લોક ૨૨]

જે (ભવ્ય જીવ) સોનાની, ચાંદીની, રત્નની, પત્થરની કે માટીની અરિહંત ભગવાનની મૂર્તિ કરાવે છે તે તીર્થંકર થાય છે. (૧૨)

"अङ्गुष्ठमात्रामपि यः, प्रतिमां परमेष्ठिनः ।
कारयेदाप्य शक्रत्वं, स लभेत् परमं पदम् ॥"
[आचारोपदेश, वर्ग ६, श्लो० १३]

જે (ભવ્ય જીવ) અંગુઠાના પ્રમાણ જેવડી પણ પરમાત્માની મૂર્તિ કરાવે છે તે ઇન્દ્રપણાને પામી પ્રાંતે પરમપદ–મોક્ષને પામે છે. (૧૩)

ધર્મીજનોએ એ જિનબિંબ-જિનમૂર્તિરૂપ ક્ષેત્રમાં ધનનું વાવેતર અવશ્ય કરવું જોઈએ દશ દષ્ટાંતે દુર્લભ એવા મળેલ મનુષ્યભવની સાર્થકતા એમાં છે. આત્માનો ઉત્કર્ષ અને મોક્ષ પણ એમાં જ છે.

જૈનધર્મના અત્યુત્તમ સાત ક્ષેત્રો પૈકીનું આ પ્રથમ-પહેલું ક્ષેત્ર છે.

[૨] જિનમંદિર, (જિનચૈત્ય, જિનભવન) એ જૈનોનું પવિત્ર ધામ છે, સ્થાવર તીર્થ છે, ઉત્તમ શિલ્પ-સ્થાપત્યાદિકનો નમુનો છે, કર્મનિર્જરાનું કેન્દ્ર છે, આત્માને પરમાત્મા બનાવવા માટે અને શિવપુરીમાં જવા માટે પરમ આલંબનરૂપ છે.

આ જિનમંદિર રૂપ ક્ષેત્રમાં ધર્મીજનોએ ધનનું વાવેતર અવશ્ય કરવું જોઈએ.

જે જમીનમાં હાડકાં આદિ અમંગલ કોઈ પણ ચીજ-વસ્તુરૂપ શલ્ય ન હોય તે જમીનમાં, શાસ્ત્રમાં જણાવેલ વિધિ મુજબ પૃથ્વીકાયાદિ ષટ્કાય જીવોની રક્ષા-યતના જયણા કાળજી રાખીને તથા શિલ્પી-સલાટ વગેરે કારીગરો અને અન્ય મજુરો વગેરેને તેની ઇચ્છા કરતાં પણ અધિક મહેનતાણું આપવાપૂર્વક જિનમંદિર બંધાવરાવવું.

જ્યાં જ્યાં શ્રી જિનેન્દ્રદેવોના જન્મકલ્યાણક, દીક્ષા કલ્યાણક, કેવલજ્ઞાન કલ્યાણક કે નિર્વાણ કલ્યાણકના સ્થાનકો હોય, પવિત્ર તીર્થભૂમિઓ હોય કે ઉંચા પર્વતોની ટોચો હોય, ત્યાં ત્યાં જિનમંદિર બંધાવવા.

જેમ શ્રી સંપ્રતિ મહારાજાએ નગરે-નગરે, ગામે-ગામે અને સ્થાને-સ્થાને નૂતન જિનમંદિરો બંધાવ્યાં તેમ મહર્દ્ધિક શ્રીમંતોએ ગગનચુંબી ભવ્ય જિનમંદિરો-જિનાલયો-દેહરાસરો બંધાવવાં.

જેઓ પાસે ધનસંપત્તિ-વૈભવ વિપુલ હોય અને ભાવનાશીલ હોય તેને તો શ્રી ભરત ચક્રવર્તીની જેમ, શ્રી સંપ્રતિ મહારાજાની જેમ, વિમલશાહ અને વસ્તુપાલ તેજપાલ મંત્રીઓની જેમ, ધરણાશાહ જેવા શ્રીમંતોની જેમ ત્રિલોકદીપક મનોહર *જિનપ્રાસાદો બંધાવવાં.

જેને ધનસંપત્તિ-વૈભવ વિપુલ ન હોય તેણે તો પોતાની

---

* પોતાની પાસે ધનસંપત્તિ ભારી હોય તો ભરત મહા-[illegible] જેમ, [illegible] [illegible] [illegible] [illegible] સોનાનું [illegible] હોય. [illegible] [illegible] અને [illegible] પણ તેવા જ હોય.

સંપત્તિ અનુસાર ઓછામાં ઓછા ખર્ચવાળું પણ નાજુક જિનમંદિર બંધાવવું.

રત્નમય સેંકડો તોરણ-કમાનોથી સમલંકૃત હોય, વિશાલ કોટ-કાંગરા હોય, સુંદર પૂતળીઓની રચનાથી થાંભલાઓ શણગારેલા હોય, ઇત્યાદિક ઉત્તમ શોભાયુક્ત મજબૂત બાંધણીવાળું હોય

વળી જેમાં કપૂર, કસ્તૂરી, અગર વગેરે સળગતાં સુગંધી ધૂપોનો ધુમાડો આકાશમાં ઉછળતો જોઈ જાણે 'આ વાદળ છે' એમ માની આનંદથી નૃત્ય કરતા એવા મયૂરાદિકના મધુર કેકારવ શબ્દો સંભળાઇ રહેલા હોય

વળી જ્યાં ચારેય પ્રકારનાં માંગલિક વાજીત્રોના અવાજથી આકાશ ગાજી ઉઠતું હોય. દેવદૂષ્ય વિગેરે વિવિધ વસ્ત્રોના ચંદ્રુઆ અને તેમાં જડેલા મોતીઓથી યુક્ત તથા મોતીઓના લટકતા ગુચ્છાવાળું હોવાથી અતીવ શોભતું હોય

વળી જ્યાં ઉંચે ચડતો, નીચે ઉતરતો, ગીતગાન કરતો, નૃત્ય કરતો, આનંદથી કૂદતો અને સિંહનાદ કરતો એવો માનવનો સમુદાય મંદિરના મહિમાની અનુમોદના કરતો આનંદ પામતો હોય

વળી તેમાં ચિતરાવેલાં ચિત્ર વિચિત્ર આશ્ચર્યકારક ચિત્રોને જોઇ જોઈને દર્શન કરવા આવેલા સર્વ લોકો આશ્ચર્ય પામતા હોય.

વળી જે ચામર, છત્ર, ધ્વજાદિક અલંકારોથી અલંકૃત હોય-જેના મનોહર શિખરો ઉપર મોટી ધ્વજાઓ ફરકતી હોય, અને તેમાં બાંધેલી ઘુઘરીઓના અવાજથી દિશાઓ ગુંજારવ કરતી હોય.

જ્યાં દર્શનના કૌતુકથી આકર્ષાયેલા દેવો, દાનવો અને અપ્સરા-

જે જમીનમાં હાડકાં આદિ અમંગલ કોઈ પણ ચીજ-વસ્તુરૂપ શલ્ય ન હોય તે જમીનમાં, શાસ્ત્રમાં જણાવેલ વિધિ મુજબ પૃથ્વીકાયાદિ ષટ્કાય જીવોની રક્ષા-યતના જયણા કાળજી રાખીને તથા શિલ્પી-સલાટ વગેરે કારીગરો અને અન્ય મજુરો વગેરેને તેની ઇચ્છા કરતાં પણ અધિક મહેનતાણું આપવાપૂર્વક જિનમંદિર બંધાવરાવવું.

જ્યાં જ્યાં શ્રી જિનેન્દ્રદેવોના જન્મકલ્યાણક, દીક્ષા કલ્યાણક, કેવલજ્ઞાન કલ્યાણક કે નિર્વાણ કલ્યાણકના સ્થાનકો હોય, પવિત્ર તીર્થભૂમિઓ હોય કે ઉંચા પર્વતોની ટોચો હોય, ત્યાં ત્યાં જિનમંદિર બંધાવવા.

જેમ શ્રી સંપ્રતિ મહારાજાએ નગરે-નગરે, ગામે-ગામે અને સ્થાને-સ્થાને નૂતન જિનમંદિરો બંધાવ્યાં તેમ મહર્દ્ધિક શ્રીમંતોએ ગગનચુંબી ભવ્ય જિનમંદિરો-જિનાલયો-દેરાસરો બંધાવવાં.

જેની પાસે ધનસંપત્તિ-વૈભવ વિપુલ હોય અને ભાવનાશીલ હોય તેને તો શ્રી ભરત ચક્રવર્તીની જેમ, શ્રી સંપ્રતિ મહારાજાની જેમ, વિમલશાહ અને વસ્તુપાલ તેજપાલ મંત્રીઓની જેમ, ધરણશાહ જેવા શ્રીમંતોની જેમ વિશાલકાય મનોહર *જિનપ્રાસાદો બંધાવવાં.

જેની ધનસંપત્તિ-વૈભવ વિપુલ ન હોય તેણે તો પોતાની

---

* [illegible] ધનસંપત્તિ સારી હોય તો [illegible] મહા- [illegible] જેમ, [illegible] સોનાનું [illegible] [illegible] તેમાં જ હોય.

સંપત્તિ અનુસાર ઓછામાં ઓછા ખર્ચવાળું પણ નાજુક જિનમંદિર બંધાવવું.

રત્નમય સેંકડો તોરણ-કમાનોથી સમલંકૃત હોય, વિશાલ કોટ-કાંગરા હોય, સુંદર પૂતળીઓની રચનાથી થાંભલાઓ શણગારેલા હોય, ઇત્યાદિક ઉત્તમ શોભાયુક્ત મજબૂત બાંધણીવાળું હોય

વળી જેમાં કપૂર, કસ્તૂરી, અગર વગેરે સળગતાં સુગંધી ધૂપોનો ધુમાડો આકાશમાં ઉછળતો જોઈ જાણે 'આ વાદળ છે' એમ માની આનંદથી નૃત્ય કરતા એવા મયૂરાદિકના મધુર કેકારવ શબ્દો સંભળાઇ રહેલા હોય

વળી જ્યાં ચારેય પ્રકારનાં માંગલિક વાજીંત્રોના અવાજથી આકાશ ગાજી ઉઠતું હોય. દેવદૂષ્ય વિગેરે વિવિધ વસ્ત્રોના ચંદુઆ અને તેમાં જડેલા મોતીઓથી યુક્ત તથા મોતીઓના લટકતા ઝુમ્છા વાળું હોવાથી અતીવ શોભતું હોય

વળી જ્યાં ઉંચે ચઢતો, નીચે ઉતરતો, ગીતગાન કરતો, નૃત્ય કરતો, આનંદથી કૂદતો અને સિંહનાદ કરતો એવો માનવનો સમુદાય મંદિરના મહિમાની અનુમોદના કરતો આનંદ પામતો હોય

વળી તેમાં ચિતરાવેલાં ચિત્ર વિચિત્ર આશ્ચર્યકારક ચિત્રોને જોઇ જોઇને દર્શન કરવા આવેલા સર્વ લોકો આશ્ચર્ય પામતા હોય.

વળી જે ચામર, છત્ર, ધ્વજાદિક અલંકારોથી અલંકૃત હોય-જેના મનોહર શિખરો ઉપર મોટી ધ્વજાઓ ફરકતી હોય, અને તેમાં બાંધેલી ઘુઘરીઓના અવાજથી દિશાઓ ગુંજારવ કરતી હોય.

જ્યાં દર્શનના કૌતુકથી આકર્ષાયેલા દેવો, દાનવો અને અપ્સરા-

જે જમીનમાં હાડકાં આદિ અમંગલ કોઈ પણ ચીજ-વસ્તુરૂપ શલ્ય ન હોય તે જમીનમાં, શાસ્ત્રમાં જણાવેલ વિધિ મુજબ પૃથ્વીકાયાદિ ષટ્કાય જીવોની રક્ષા-યતના જયણા કાળજી રાખીને તથા શિલ્પી-સલાટ વગેરે કારીગરો અને અન્ય મજુરો વગેરેને તેની ઇચ્છા કરતાં પણ અધિક મહેનતાણું આપવાપૂર્વક જિનમંદિર બંધાવરાવવું.

જ્યાં જ્યાં શ્રી જિનેન્દ્રદેવોના જન્મકલ્યાણક, દીક્ષા કલ્યાણક, કેવલજ્ઞાન કલ્યાણક કે નિર્વાણ કલ્યાણકના સ્થાનકો હોય, પવિત્ર તીર્થભૂમિઓ હોય કે ઉંચા પર્વતોની ટોચો હોય, ત્યાં ત્યાં જિનમંદિર બંધાવવા.

જેમ શ્રી સંપ્રતિ મહારાજાએ નગરે-નગરે, ગામે-ગામે અને સ્થાને-સ્થાને નૂતન જિનમંદિરો બંધાવ્યાં તેમ મહર્દ્ધિક શ્રીમંતોએ ગગનચુંબી ભવ્ય જિનમંદિરો-જિનાલયો-દેરાસરો બંધાવવાં.

જેની પાસે ધનસંપત્તિ-વૈભવ વિપુલ હોય અને ભાવનાશીલ હોય તેને તો શ્રી ભરત ચક્રવર્તીની જેમ, શ્રી સંપ્રતિ મહારાજાની જેમ, વિમલશાહ અને વસ્તુપાલ તેજપાલ મંત્રીઓની જેમ, ધરણશાહ જેવા શ્રીમંતોની જેમ વિશાલકાય મનોહર *જિનપ્રાસાદો બંધાવવાં.

જેને ધનસંપત્તિ-વૈભવ વિપુલ ન હોય તેણે તો પોતાની

---

* [illegible] ધનસંપત્તિ ભારી હોય તો ભરત મહારાજાની જેમ, [illegible] જિનાલયો [illegible] સોનાનું [illegible] હોય, [illegible] અને [illegible] પણ તેવાં જ હોય.

સુંદર જિનમંદિર-જિનભવન બંધાવે, તે ઉત્તમ મતિને કરનારા એવા આત્માઓ તો મહાધન્ય છે જ. (અર્થાત્ તેઓ મહાધન્યવાદનો પાત્ર છે) (૨)

બનાવેલ જિનમંદિરના નિભાવ માટે પણ બનાવનારે નિજધન-લક્ષ્મીનો યથાશક્ય સદ્વ્યય કરવો જોઈએ. રાજા-મહારાજાદિ જેવા વિશિષ્ટ પુરુષોએ તો જિનમંદિર બંધાવ્યા પછી તેના નિભાવ માટે વિપુલ ધન-ભંડાર, નગર-શહેર, ગામ, અમુક પરગણું કે અમુક ગોકુલ વગેરેનું દાન કરવું જોઈએ.

આ સિવાય બનાવેલાં જે જિનમંદિરો જીર્ણ થયેલાં હોય કે પડી ગયેલા હોય તેને પણ સદ્વ્યય દ્વારા સમરાવવાં જોઈએ, જીર્ણોદ્ધાર કરાવવા જોઇએ.

તદુપરાંત જે જિનમંદિરો કે જિનતીર્થો અન્યોએ કબજે કરેલાં હોય, અથવા નષ્ટ-ભ્રષ્ટ થયેલા હોય, તો તે સર્વેનો પણ સમુદ્ધાર અવશ્ય કરવો કરાવવો જોઇએ.

જિનચૈત્ય કરાવવાનું ફળ

જિનમંદિર-જિનચૈત્ય-જિનભવન કરાવનાર ભવ્યાત્મા મંદિરના જેટલા પરમાણુ હોય તેટલા પલ્યોપમ પર્યંત દેવ થાય છે.

એ વાતની સાક્ષી નીચેનો શ્લોક પૂરી રહ્યો છે જુઓ-

"चैत्यं यः कारयेद् धन्यो जिनानां भक्तिभावतः ।
तत् परमाणुसङ्ख्यानि, पल्यान्देव सुरो भवेत् ॥"
[आचारोपदेश, वर्ग ६, श्लो० १०]

જે (ભવ્યાત્મા) ભક્તિપૂર્વક શ્રી જિનેશ્વરદેવનું મંદિર કરાવે છે તે (ભવ્યાત્મા), તે જિનમંદિરના જેટલા પરમાણુઓ હોય તેટલા પલ્યોપમ સુધી દેવ થાય. (૧૦)

વળી આ સમ્બન્ધમાં કહ્યું છે કે—

"रम्यं येन जिनालयं निजभुजोपात्तेन कारापितं,
मोक्षार्थं स्वधनेन शुद्धमनसा पुंसा सदाचारिणा।
वेद्यं तेन नरामरेन्द्रमहितं तीर्थेश्वराणां पदं,
प्राप्तं जन्मफलं कृतं जिनमतं गोत्रं समुद्योतितम्॥"
[कुमारपालप्रबन्ध, पत्र ९०]

જે સદાચારી પુરુષે પોતાના બાહુબળથી પ્રાપ્ત કરેલ પૈસા વડે કરીને નિર્મળ ચિત્તથી મોક્ષને માટે રમણીય જિનમંદિર કરાવ્યું, તેને નરેન્દ્રો અને દેવેન્દ્રો વડે કરીને પૂજાએલી તીર્થંકરની પદવી વેદવા યોગ્ય થાય છે, અર્થાત્ તીર્થંકરપદ પ્રાપ્ત થાય છે, તેણે જન્મનું ફળ મેળવ્યું, જિનમત કર્યો એટલે શ્રી જિનેશ્વર ભગવાનની આજ્ઞા પાળી, અને પોતાના ગોત્રને અજવાળ્યું. (૧૦)

જીર્ણોદ્ધારનું ફળ

નૂતન જિનમંદિર કરાવવામાં જે પુણ્ય બંધાય છે તેના કરતાં જીર્ણોદ્ધાર કરાવવાથી આઠગણું પુણ્ય બંધાય છે.

તેને માટે કહ્યું છે કે—

"नवीनजिनगेहस्य, विधाने यत् फलं भवेत्।
तस्मादष्टगुणं पुण्यं, जीर्णोद्धारेण जायते॥"
[कुमारपालप्रबन्ध, पत्र ९१]

નવું જિનમંદિર કરાવવાથી જે પુણ્ય ફળ થાય, તેના કરતાં જીર્ણોદ્ધાર કરાવવાથી આઠગણું પુણ્ય થાય છે (૧૧)

વળી આ સમ્બન્ધમાં કહ્યું છે કે—

"जीर्णोद्धारः कृतो येन, विभवेन सुचारुणा ।
जिनाज्ञा पालिता तेन, क्लेशाऽकूपारपारदः ॥"

[उपदेशतरङ्गिणी]

જેણે પોતાના સારા વૈભવવડે કરીને જીર્ણોદ્ધાર કર્યો. તેણે સંસારના કલેશરૂપી સમુદ્રથી પાર પમાડનારી એવી જિનેન્દ્ર પ્રભુની આજ્ઞા યથાર્થ પાળી, અર્થાત્ શ્રીજિનેશ્વર ભગવાનની આજ્ઞાનું યથાર્થ પરિપાલન કર્યું છે

એ પ્રમાણે ધર્મીજનોએ જિનમંદિર રૂપ ક્ષેત્રમાં ધનનું વાવેતર અવશ્ય કરવું જોઇએ.

જૈનધર્મના અત્યુત્તમ સાત ક્ષેત્રો પૈકીનું આ દ્વિતીય-બીજું ક્ષેત્ર છે.

[૩] જિનાગમ-એ જૈનોના મહાન શાસ્ત્ર છે. અર્થ રૂપે સર્વજ્ઞ તીર્થંકર કથિત અને સૂત્રરૂપે ગુણવંત ગણધર ગુંથિત છે. મંત્રરૂપ છે. વિશ્વના સર્વ ભાવોનો વિવેક કરાવનાર છે. સુદેવ-સુગુરુ-સુધર્મ વગેરેને ઓળખનાર છે. સંસારસાગર તરવા માટે નૌકા-જહાજ સમાન છે. દીપકની જેમ પ્રકાશ કરનાર અને મોક્ષનો માર્ગ બતાવનાર છે.

ધર્મીજનોએ આ જિનાગમરૂપ ક્ષેત્રમાં ધનનું વાવેતર અવશ્ય કરવું જોઇએ.

એ દુઃષમા નામના પાંચમા આરારૂપ વર્તમાન કાળમાં કાળના વશથી દિન-પ્રતિદિન બુદ્ધિની મંદતાદિના કારણને લઈને 'જિનાગમ-જિનવચન' ઉચ્છેદ રૂપમાં પરિણામ પામશે, એમ સમજીને મહાજ્ઞાની એવા પૂર્વ મહર્ષિ પુરુષોએ જિનાગમને પુસ્તકારૂઢ કર્યું છે.

જુઓ—

(૧) શ્રી વીરનિર્વાણ સંવત ૧૬૦ માં ચૌદ પૂર્વધારી આર્યસ્થૂલભદ્રસૂરીશ્વરજી મહારાજની અધ્યક્ષતામાં, આચાર્ય શ્રી પાટલીપુત્રનગરમાં પડેલ બાર વર્ષના ભયંકર દુકાળ પછી ગીતાર્થ અને શાસ્ત્રજ્ઞાની એવા હજારો મુનિ-મહાત્માઓની વિદ્યમાનતામાં પહેલી આગમવાચના થઇ.

જેમાં ૧૧ અંગોની વ્યવસ્થિત સંકલના કરવામાં આવી. તથા ૧૨ મા અંગની વ્યવસ્થાની તૈયારી કરવા પૂર્વક તેને સુરક્ષિત રાખવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. આ વાચના 'પાટલીપુત્રી વાચના' કહેવાય છે.

(૨) શ્રી વીરનિર્વાણ સંવત ૨૪૫થી ૨૯૧ ના કાળમાં ઉજ્જૈન નગરીમાં શ્રી સંપ્રતિ મહારાજાની શુભપ્રેરણા અને પ્રાર્થનાથી દશપૂર્વધારી આચાર્ય શ્રી આર્યસુહસ્તિ-સૂરીશ્વરજી મ૦ શ્રીની અધ્યક્ષતામાં બીજી આગમવાચના થઇ. જેમાં [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] કરવામાં આવી.

(૩) શ્રી વીરનિર્વાણ સંવત ૩૦૦ થી ૩૩૦ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] મહામેઘવાહન મહારાજા શ્રી ખારવેલની વિનંતિથી શ્રી કુમારગિરિ

પર્વત ઉપર આચાર્ય શ્રી સુસ્થિતસૂરીશ્વરજી મ૦ અને આચાર્ય શ્રી સુપ્રતિબદ્ધસૂરીશ્વરજી મ૦ની અધ્યક્ષતામાં વાચક શ્રી ઉમાસ્વાતિજી મ૦ આદિ અનેક ગીતાર્થ મુનિમહાત્માઓની વિદ્યમાનતામાં ત્રીજી આગમવાચના થઈ. તેમાં ૧૧ અંગ અને દશ પૂર્વોની વ્યવસ્થિત સંકલના કરવામાં આવી.

(૪) શ્રી વીરનિર્વાણ સંવત ૫૯૨ લગભગ મધ્યભારતમાં આવેલ દશપુરનગર–મંદસૌરમાં આચાર્ય શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મ૦ શ્રીએ સ્વ-પ્રધાન શિષ્યોની મતિમંદતાના કારણને લઈને સર્વ આગમોને દ્રવ્યાનુયોગ, ચરણકરણાનુયોગ, ગણિતાનુયોગ અને ધર્મકથાનુયોગ એ ચારે અનુયોગમાં વિભક્ત કર્યા. એ ચોથી આગમવાચના થઈ.

(૫) શ્રી વીરનિર્વાણ સંવત ૮૩૦ થી ૮૪૦ લગભગ આચાર્ય શ્રી સ્કંદિલસૂરીશ્વરજી મ૦ની અધ્યક્ષતામાં મથુરાનગરીમાં સૌરાષ્ટ્રમાં આવેલ વલભીપુર (હાલ-વળા) માં પડેલ બારવર્ષના ભયંકર દુષ્કાલના કારણથી નષ્ટપ્રાય થનાર શ્રુતજ્ઞાનનું અનેક ગીતાર્થ આચાર્ય મહારાજાઓ અને હજારો મુનિમહાત્માઓની વિદ્યમાનતામાં વ્યવસ્થિતરૂપે સંકલન કર્યું. એ પાંચમી આગમવાચના થઈ. આ વાચના સ્કંદિલી વાચના નામથી પ્રસિદ્ધ થઈ, અને મથુરામાં થયેલ હોવાથી તે માથુરી વાચના કહેવાય છે.

જ્યારે મથુરામાં આચાર્ય શ્રી સ્કંદિલસૂરીશ્વરજી મ૦ શ્રીની અધ્યક્ષતામાં માથુરીવાચના યોજાઈ ત્યારે સૌરાષ્ટ્રમાં આવેલ વલભીપુર (હાલ-વળા) નગરમાં આચાર્ય શ્રી નાગાર્જુનસૂરીશ્વરજી મ૦ શ્રીની અધ્યક્ષતામાં પણ શ્રમણ-

સંઘની વિદ્યમાનતામાં દુષ્કાળમાં ભૂલાઇ ગયેલા આગમનો ઉદ્ધાર કરવાનું શરૂ કરાયેલું. જે જે આગમપાઠ યાદ હતા તે સર્વે વ્યવસ્થિત કરવામાં આવ્યા. તદુપરાંત જે ભૂલાઇ ગયેલા હતા તે સ્થળે પૂર્વાપરના સમ્બન્ધપૂર્વક વ્યવસ્થિત કરાયા.

આ વાચના નાગજુંની વાચના નામથી પ્રસિદ્ધ થઇ, અને વલભીપુરમાં સંપન્ન થયેલ હોવાથી તે વાલભી વાચના કહેવાય છે.

(૬) વીર નિર્વાણ સંવત ૯૮૦ માં આ૦ શ્રી દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણ મહારાજશ્રીએ વારંવાર થનાર દુષ્કાળના કારણે નષ્ટ થઇ રહેલ શ્રુતજ્ઞાનની મૌલિક પરંપરાને સજીવન અને ચિરસ્થાયી રાખવા માટે અનેક ગીતાર્થ આચાર્યો આદિની વિદ્યમાનતામાં સર્વની સમ્મતિપૂર્વક સમસ્ત ઉપલબ્ધ આગમ સાહિત્યને વલ્લભીપુરમાં (વળામાં) તાડપત્રો ઉપર લિપિબદ્ધ-પુસ્તકારૂઢ કરાવ્યું.

જેમાં ૮૪ આગમોનું સંકલન થયું. આ છઠ્ઠી આગમવાચના પણ પુનઃ વલ્લભીપુરનગરમાં જ થઈ.

૮૪ આગમમાંથી આજે આપણી પાસે ૪૫ આગમ વ્યવસ્થિત રૂપે વિદ્યમાન છે.

આ રીતે ભૂતકાળમાં પૂર્વ મહર્ષિપુરુષોએ આગમ આદિને પુસ્તકારૂઢ કર્યું છે.

વર્તમાન કાળમાં એ જિનાગમ સેવામાં મનનું ચાલેતર રહેવામાં જિનાગમમાં બહુમાનવાળા ધર્મશ્રેષ્ઠીઓએ તે જિનાગમોને આરસપાષાણાદિ ઉપર તથા તામ્રપત્રાદિ ઉપર કોતરા-

વવાં જોઇએ. તેમજ તેનાં પુસ્તકો પણ લખાવવાં જોઇએ. તદુપરાંત વસ્ત્રો (રત્નો-સુવર્ણ-મોતી) વગેરેથી તે પુસ્તકારૂઢ શ્રુતજ્ઞાનની બહુમાનપૂર્વક પૂજા-ભક્તિ આદિ અવશ્ય કરવું જોઇએ.

જિનાગમનું મહત્ત્વ

જગતમાં શ્રી જિનેશ્વર ભગવાનના આગમશાસ્ત્રનું મહત્ત્વ અનેરૂં અને અનોખું છે. એનું જ કારણ સાચું છે. તે અંગે કહ્યું છે કે—

"जन्म–जरा–मरणभयैरभिद्रुते व्याधिवेदनाग्रस्ते ।
जिनवरवचनादन्यत्र नास्ति शरणं क्वचिल्लोके ॥"

[प्रशमरति॰, श्लो॰ १५२]

જન્મ, જરા અને મરણના ભયથી વ્યાપ્ત અને વ્યાધિ-વેદનાથી ગ્રસ્ત એવા લોકને વિષે શ્રી જિનેશ્વર ભગવાનના વચન થકી અન્યથા કયાંઇ શરણ નથી. (૧૫૨)

વળી આ સમ્બન્ધમાં કહેવામાં આવ્યું છે કે—

"प्रत्यक्षतो न भगवानृषभो न विष्णु–
रालोक्यते न च हरो न हिरण्यगर्भः ।
तेषां स्वरूपगुणमागमसम्प्रभावात्,
ज्ञात्वा विचारयथ कोऽत्र परापवादः ॥"

[लोकतत्त्वनिर्णय, श्लो॰ २१]

પ્રત્યક્ષપણે ભગવાન ઋષભદેવ દેખાતા નથી, વિષ્ણુ પણ દેખાતા નથી, શંકર પણ દેખાતા નથી, બ્રહ્મા પણ

દેખાતા નથી, પરંતુ તેમના પ્રરૂપેલા આગમો પ્રત્યક્ષ છે તેના પ્રભાવથી તેમનું સ્વરૂપ અને ગુણ વિગેરે જાણીને તમેજ વિચાર કરો કે કયા દેવ સત્ય છે? આવી પરીક્ષા કરવામાં પરનો અપવાદ કઇ રીતે લાગી શકે? (૨૧)

જિનાગમ સેવા—ભક્તિનું ફળ

શ્રી જિનેશ્વર ભગવાનના આગમ સેવાભક્તિનું ફળ પણ અનુપમ અને અદ્ભુત છે. જુઓ—

"ये लेखयन्ति जिनशासनपुस्तकानि,
व्याख्यानयन्ति च पठन्ति च पाठयन्ति ।
शृण्वन्ति रक्षणविधौ च समाद्रियन्ते,
ते मर्त्यदेवशिवशर्म नरा लभन्ते ॥"

[कुमारपालप्रबन्ध, पत्र २३-२४]

જેઓ જિનશાસનના પુસ્તકો લખાવે છે, તેનું વ્યાખ્યાન કરે છે, ભણે છે, ભણાવે છે, સાંભળે છે, અને એ પુસ્તકોની રક્ષા કરવામાં સારી રીતે આદરભાવ રાખે છે; તેઓ મનુષ્ય, દેવ અને મોક્ષનું સુખ પામે છે. (૬૪)

"लेखयन्ति नरा धन्या ये जिनागमपुस्तकम् ।
ते सर्वं वाङ्मयं ज्ञात्वा, सिद्धिं यान्ति न संशयः ॥"

[कुमारपालप्रबन्ध, पत्र २३]

જે ભાગ્યશાળી મનુષ્યો જિનાગમ ગ્રંથોને લખાવે છે, તેઓ સર્વ શાસ્ત્રના જાણકાર થઇને સિદ્ધિગતિને પામે છે, તેમાં સંદેહ નથી (૬૫)

"न ते नरा दुर्गतिमाप्नुवन्ति, न मूकतां नैव जडस्वभावम् ।
नैवाऽन्धतां बुद्धिविहीनतां च, ये लेखयन्त्यागमपुस्तकानि ॥"

[कुमारपालप्रबन्ध, पत्र ९४]

જેઓ આગમ-ગ્રંથોને લખાવે છે, તે મનુષ્યો દુર્ગતિ મૂંગાપણું, જડતા, અંધપણું અને બુદ્ધિરહિતપણાને પામતા નથી. (૬૪)

આજ વાતનું સમર્થન અલ્પ ફેરફાર સાથે નીચેના શ્લોકથી પણ જાણી શકાય છે. જુઓ—

"न ते नरा दुर्गतिमाप्नुवन्ति,
न मूकतां नैव जडस्वभावम् ।
न चान्धतां बुद्धिविहीनतां च,
ये लेखयन्तीह जिनस्य वाक्यम् ॥१॥"

જે પુરુષો જિનાગમને લખાવે છે તે પુરુષો દુર્ગતિ પામતા નથી, મુંગા થતાં નથી, જડસ્વભાવવાળા-મૂઢ થતા નથી, આંધળા થતા નથી તથા નિર્બુદ્ધિપણાને-મૂર્ખતાને પામતા નથી. (૧)"

માટે જિનાગમો લખાવવાં એ શ્રેયસ્કર છે. વળી જિનાગમ ભણવામાં, ભણાવવામાં અને ભણનારાઓને પુસ્તકાદિ સાધનોની સહાયતા કરવામાં આત્માને કેવો સર્વોત્તમ લાભ થાય છે એ નીચેના શ્લોકથી સમજી શકાશે.

"पठति पाठयते पठतामसौ,
वसन-भोजन-पुस्तकवस्तुभिः ।
प्रतिदिनं कुरुते य उपग्रहं,
स इह सर्वविदेव भवेन्नरः ॥१॥

એ જૈનધર્મના અત્યુત્તમ સાત ક્ષેત્રો પૈકીનું આ ચતુર્થ-ચોથું ક્ષેત્ર છે.

(૫) સાધ્વી-એ પણ જૈનધર્મની શ્રમણી-ભિક્ષુણી-આર્યા-સતી-ગુરુણીઓ છે. જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપી રત્નત્રયીને ધારણ કરનારી હોવાથી, તેઓની પણ ધર્મીજનોએ સાધુઓની જેમ સેવા-ભક્તિ કરવી જોઈએ. તેઓને યથોચિત આહાર ઔષધ, વસ્ત્ર, પાત્ર વગેરે આપવાં. ઉતરવા રહેવા માટે સુરક્ષિત સ્થાન આપવું. ભણવા-ભણાવવા માટે પુસ્તકાદિ સાધનો આપવાં. પોતાની પુત્રીઓ વગેરેને તેઓની પાસે રખાવી દીક્ષા અપાવવી. સંયમોચિત વસ્તુઓ આપી તેમની સેવા પણ કરવી. ઇત્યાદિ.

એ રીતે ધર્મીજનોને મોક્ષના સાધનરૂપ રત્નત્રયીના ધનવાળી એવી સાધ્વીઓ રૂપી ક્ષેત્રમાં સ્વ-ધનનું વાવેતર કરવું ઉચિત જ છે.

એ જૈનધર્મના અત્યુત્તમ સાત ક્ષેત્રો પૈકીનું આ પંચમ-પાંચમું ક્ષેત્ર છે.

(૬) શ્રાવક-'ધર્મનું શ્રવણ કરે તે શ્રાવક કહેવાય છે.' આ અંગે કહ્યું છે કે—

" संपत्तदंसणाई, पइदियहं जइजणा सुणेइ य ।
सामायारिं परमं, जो खलु तं सावगं बिंति ॥१॥ "

[પંચાશ પ્ર૦, શ્રા૦ ધર્મવિધિ૦ ૨]

જેને સમ્યગ્દર્શનાદિ પ્રાપ્ત થયું હોય, અને જે સાધુ-ભગવંતોના મુખથી ઉત્તમ સામાચારીને નિરંતર સાંભ-

-શ્રાવકનાં કર્તવ્યો વગેરેને હંમેશાં શ્રવણ કરે અર્થાત્ સાંભળે, તેને નિશ્ચયપૂર્વક 'શ્રાવક' કહેવાય છે. (૧)

આજ વાતનું વિશેષ સમર્થન નીચેના શ્લોકથી પણ જણાય છે. જુઓ—

" श्रद्धालुतां श्राति पदार्थचिन्तनाद् ,
धनानि पात्रेषु वपत्यनारतम् ।
किरत्यपुण्यानि सुसाधुसेवना-
दथापि तं श्रावकमाहुरञ्जसा ॥ १ ॥

જે આજે પણ પદાર્થોના ચિંતવનથી શ્રદ્ધાળુપણાને દૃઢ મજબૂત કરે છે, સર્વદા સુપાત્રોમાં ધનને વાવે છે અને ઉત્તમ એવા સાધુઓની સેવાથી પાપને વિખેરે છે, તેને 'શ્રાવક' કહેવાય છે. (૧)

વ્રતધારી મહાશ્રાવકના સમ્બન્ધમાં પણ કહ્યું છે કે–

" एवं व्रतस्थितो भक्त्या, सप्तक्षेत्र्यां धनं वपन् ।
दयया चाऽतिदीनेषु, महाश्रावक उच्यते ॥१॥"

એ પ્રમાણે વ્રતોમાં રહેલો (વ્રતધારી) એવો શ્રાવક (જિનાબિમ્બાદિ) સાતક્ષેત્રોમાં ભક્તિથી તથા અત્યંત દીન દુઃખીઆઓમાં દયાથી પોતાના ધનને વાપરતા 'મહાશ્રાવક' કહેવાય છે.

એવા મહાશ્રાવકો કે શ્રાવકો પ્રતિદિન દેવ-ગુરુની ભક્તિ કરવાવાળા હોય છે. શ્રમણ-સાધુઓના ઉપાસકો, શ્રી નમસ્કાર મહામંત્રના સ્મારકો ધર્મશ્રદ્ધાવંતો અને સાધર્મિક છે.

સાધર્મિકપણાના યોગે સાધર્મિકના સમાગમમાત્રથી પણ આત્માને મહાન્ પુણ્ય બંધાય છે, તો પછી સાધર્મિકપણાને અનુરૂપ તેઓની સેવા-ભક્તિ અંગે તો કહેવાનું જ ?

એમ સમજી ધર્મીજનોએ તેઓની સેવા-ભક્તિ વગેરેનો લાભ લેવાના ઉદ્દેશથી જ્યારે પોતાના ઘરે પુત્ર-પુત્રી આદિના જન્મદિવસનો પ્રસંગ હોય કે લગ્ન વગેરેના પ્રસંગ હોય અથવા ધાર્મિક કોઈપણ પ્રસંગ હોય ત્યારે તેઓને પણ આમંત્રણ આપવું. ઉત્તમ પ્રકારના ભોજન-તંબોલ આપવાપૂર્વક વસ્ત્રાભરણાદિકથી પણ સન્માન કરવું. સંકટના પ્રસંગમાં પોતાનું ધન ખર્ચીને પણ તેઓનાં સંકટને દૂર કરવાં. નિર્ધન થયેલાઓને પોતાનું ધન આપીને પણ ધનવાન બનાવવા. ધર્મશ્રદ્ધાદિમાં મંદ થયેલાઓને ધર્મશ્રદ્ધાદિમાં સ્થિર કરવા. ધર્મકાર્યમાં પ્રેરણાદ્વારા ઉત્સાહિત કરવા. વાચના પૃચ્છના પરાવર્તના અનુપ્રેક્ષા સ્વાધ્યાય એ પાંચ પ્રકારના કર્તવ્યોમાં યથાયોગ્ય જોડવા.

તદુપરાંત પોતાની શક્તિ અનુસાર સર્વસાધારણ પૌષધશાળા કે ઉપાશ્રય વગેરે કરાવવા. ઇત્યાદિ.

એ પ્રમાણે કરવામાં આવતાં [illegible] ધર્મીજનોને વાત્સલ્યનું આસેવન થાય છે. તેથી ઘણો જ લાભ મળે છે. નમ્રભાવ અને સજ્જનતા પ્રગટ થાય છે. એ જૈનધર્મના અનુષ્ઠાન [illegible] હોય છે.

(૩. [illegible] દેવ-ગુરુ-[illegible], [illegible]-[illegible] જ્ઞાન-દર્શન-[illegible], [illegible], [illegible] [illegible] છે.

શ્રાવકક્ષેત્રની જેમ આ શ્રાવિકાક્ષેત્રમાં પણ ધર્મીજનોએ ન્યૂનતા વિના પોતાના ધનનું વાવેતર કરવું જોઇએ.

સધવા કે વિધવા સર્વ શ્રાવિકાઓની પ્રતિ શ્રાવકની જેમ સાધર્મિકપણાથી ધર્મીજનોએ નિજ હૃદયમાં માન રાખવું, અને તેઓની સેવા-ભક્તિ અવશ્ય કરવી.

તેથી પણ લાભની પ્રાપ્તિ થાય છે. એ જૈનધર્મના અત્યુત્તમ સાત ક્ષેત્રો પૈકીનું આ શ્રાવિકા સાતમું ક્ષેત્ર છે

આ જિનબિંબાદિ સાતક્ષેત્રોમાં ધર્મીજનોએ પોતાના ધનનો સદ્વ્યય કરવા ઉપરાત દીન-દુ:ખીઆઓની દયા. આદિ અનુકંપાનો પણ લાભ લેવો જોઇએ.

જેઓ કર્મવશાત્ આંધળા, પાંગળા, બહેરા, લુલા, લંગડા થયેલા છે. રોગથી ઘેરાયેલા છે દીન દુઃખીઆઓ છે. તેઓના પ્રતિ અનુકમ્પા અવશ્ય કરવી જોઇએ. તેઓને ભક્તિથી નહિ પણ દયામાત્રથી ધન, અન્ન (ખોરાક-ભોજન) વસ્ત્ર, અને ઔષધ વિગેરે જે આપવાં તે અનુકમ્પા કહેવાય છે.

જ્યારે જિનબિમ્બાદિ સાત ક્ષેત્રમાં ભક્તિ-બહુમાન પૂર્વક યથાયોગ્ય દાન કરવાનું હોય છે, ત્યારે દીન-દુઃખીયા વગેરેને તો પાત્ર કે કુપાત્રનો વિવેક કર્યા વિના તેમજ કલ્પ્ય કે અકલ્પ્યનો પણ વિચાર કર્યા સિવાય માત્ર અનુકંપાબુદ્ધિથી જ દાન કરવાનું હોય છે. ધર્મીજનો માટે એ પણ ઉચિત-વ્યાજબી જ છે.

ધનવાન પુરુષે સંપ્રતિ મહારાજાની જેમ ધર્મના સાતે ક્ષેત્રમાં ધન વાવવું-વાપરવું જોઇએ.

જે અંગે કહ્યું છે કે—

" क्षेत्रेषु सप्तस्वपि पुण्यपुष्टये,
वपेद्धनं सम्प्रतिराजवद् धनी।
कृषीवलः केवलशालितण्डुलान्,
वपेत किं योऽखिलसस्यलालसः॥ "

ધનવાન પુરુષે સંપ્રતિ રાજાની જેમ પુણ્યની પુષ્ટિને માટે ધર્મના સાતે ક્ષેત્રોમાં ધન વાવવું-વાપરવું યોગ્ય છે. જેમકે સમગ્ર ધાન્યની ઇચ્છાવાળો ખેડુત શું એકલા શાલિચોખાનેજ પોતાના ક્ષેત્રમાં વાવે છે? ના, સર્વ ધાન્ય વાવે છે.

સાત ક્ષેત્રમાં ધન નહીં વાપરનાર પ્રતિ.

જેની પાસે ધન છે, છતાં સાતક્ષેત્રમાં તેનો સદ્વ્યય નથી કરતો તે શું પરભવમાં ધન સાથે લઈ જશે?

એ જ વાતનું સમર્થન કરતો શ્લોક નીચે પ્રમાણે છે.

" क्षेत्रेषु नो वपसि यत् सदपि स्वमेतद्—
यातासि तत् परभवे किमिदं गृहीत्वा।
तस्यार्जनादिजनिताघचयार्जितात्ते,
भावी कथं नरकदुःखभराच्च मोक्षः॥ "

(અધ્યાત્મ કલ્પદ્રુમ, અધિકાર ૪, શ્લોક [illegible])

ભાવાર્થ: જો તારી પાસે ધન છે છતાં તું (સાત) ક્ષેત્રમાં વાપરતો નથી, ત્યારે શું તું પરભવમાં ધનને [illegible] સાથે લઈ જવાનો છે?

વિચાર કર કે દ્રવ્ય પ્રાપ્ત કરવા વિશેષથી થયેલા પાપસમૂહથી મેળવેલાં નારકીનાં દુ:ખોમાંથી તારો મોક્ષ (છુટકારો) કેમ થશે ? (૭)

એમ સમજીને હે પ્રાણી ! તારી પાસે ધન છે તેનો સાતે ક્ષેત્રમાં સદ્વ્યય કરવા પૂર્વક પુણ્ય ઉપાર્જન કરતો જા. મળેલ લક્ષ્મીનો લ્હાવો લેતો જા. તેથી મનુષ્યજન્મને સફળ કરતો જા.

સાત ક્ષેત્રમાં ધન વાપરવાનું ફળ–

અત્યુત્તમ એ જિનબિંબાદિ સાત ક્ષેત્રમાં ધનનો સદ્વ્યય કરવાથી કેવું સુંદર ફળ મળે છે ? એ જ વાત નીચેનો શ્લોક સ્પષ્ટ જણાવી રહ્યો છે. જુઓ—

"तस्यासन्ना रतिरनुचरी कीर्तिरुत्कण्ठिता श्रीः,
स्निग्धा बुद्धिः परिचयपरा चक्रवर्त्तित्वऋद्धिः ।
पाणौ प्राप्ता त्रिदिवकमला कामुकी मुक्तिसंपत्,
सप्तक्षेत्र्यां वपति विपुलं वित्तबीजं निजं यः ॥"

[सिन्दूरप्रकरण, श्लोक० ८०]

જે મનુષ્ય પોતાના વિપુલ ધનરૂપી બીજ સાત ક્ષેત્રમાં વાવે છે, તેની પાસે રતિ–સમાધિ આવીને ઉભી રહે છે. કીર્ત્તિ તેની દાસી થાય છે, લક્ષ્મી તેને માટે ઉત્કંઠિત બને છે, બુદ્ધિ તેના ઉપર સ્નેહ રાખે છે. ચક્રવર્તીપણાની ઋદ્ધિ તેના પરિચયમાં આવે છે, સ્વર્ગની લક્ષ્મી તેના હાથમાં પ્રાપ્ત થાય છે, અને મોક્ષલક્ષ્મી તેની કામના-ઈચ્છા કરે છે. (૮૦)

ઉપસંહાર

જૈનધર્મમાં જણાવેલ એ જિનબિમ્બાદિ સાતક્ષેત્રો અત્યુત્તમ હોવાથી, તેમાં ધર્મિજનો-ધર્માત્માઓ પ્રતિદિન પોતાના ધનનો સદ્વ્યય કરી મહાન્ પુણ્ય ઉપાર્જન કરે, જીવનને ધન્ય બનાવે, સર્વત્ર યશકીર્ત્તિને પ્રસરાવે, અને મનુષ્યજીવનની સફળતા કરવાપૂર્વક સદ્ગતિના ભાગી બને એ જ શુભેચ્છા.

લેખક—

પૂ० શાસનસમ્રાટ્—સૂરિચક્રવર્તિ—તપોગચ્છાધિપતિ આ० શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી મ० શ્રીના પટ્ટાલંકાર વ્યાકરણ વાચસ્પતિ-શાસ્ત્રવિશારદ કવિરત્ન આ० શ્રીમદ્ વિજયલાવણ્યસૂરીશ્વરજી મ०શ્રીના પટ્ટધર વ્યાકરણરત્ન-કવિદિવાકર શાસ્ત્રવિશારદ શ્રીમદ્ વિજયદક્ષસૂરીશ્વરજી મ. શ્રીના પટ્ટધર સાહિત્યરત્ન શાસ્ત્રવિશારદ કવિભૂષણ આ. શ્રીમદ્ વિજયસુશીલસૂરિ.

વીર સં. ૨૪૯૫, વિક્રમ સં. ૨૦૨૫

વૈશાખ વદિ ૬ ને બુધવાર તા. ૭-૫-૧૯૬૯

[ઉ० ગુજરાત-પાટણ શહેરના મણીયાતી પાડામાં આવેલ આમૂલચૂલ જીર્ણોદ્ધાર કરાવેલ શ્રી ઋષભદેવ જિન-મંદિરના મૂળનાયક શ્રી ઋષભદેવ ભગવાન આદિ જિન-બિંબોની પ્રતિષ્ઠાનો શુભ દિવસ.]

સ્થળ :—

પાટણ આગમનો ઉપાશ્રય,

ઉત્તર ગુજરાત

॥ शुभं भवतु श्रीसङ्घस्य ॥

પ્રાર્થના રૂપે

મૈત્રી આદિ ચાર ભાવના

રચયિતા–પૂ. આચાર્ય શ્રીમદ્ વિજયસુશીલસૂરીશ્વરજી મહારાજ

[મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું–એ રાગમાં]

[૧]

સર્વ વિશ્વના એ સર્વ જીવોનું,
શુભ થાઓ એમ ઇચ્છું હું;
દુઃખી ન થાઓ કોઈ પણ પ્રાણી,
એ મૈત્રી ભાવના ભાવું હું.

[૨]

ગુણીજનોના શુભ ગુણો જોઈ,
સાનંદ હું નાચી રહું;
પ્રમોદ ભાવના હૈયે ધરીને,
ગુણીના એ ગુણો ગ્રહું.

[૩]


દુઃખી જીવોના દેખી દુઃખને,
દૂર કરવાને ઇચ્છું હું;
એવી કરુણા ભાવના ભાવું,
દયાનદીમાં ન્હાવું હું.

[૪]

નિર્ગુણી એવા જીવોની ઉપરે,
કરું ઉપેક્ષા વૃત્તિ હું;
માધ્યસ્થ ભાવના ભાવી હું તો,
જિન આજ્ઞામાં મગન રહું.

[૫]

ચાર ભાવના એ નિત્ય સમરતાં,
વિનાશ કર્મનો કરું હું;
સંયમ સાધી કેવલ પામી,
સુશીલ શિવવધૂ વરું હું.



પાટનગર ઉદયપુરમાં પિતાશ્રીની સમ્મતિ અને હાજરી સહિત મહામહોત્સવપૂર્વક થયેલી છે.

જેઓશ્રીની વડીદીક્ષા–વિ. સં. ૧૯૮૮ ના મહા શુદ પાંચમ (વસંતપંચમી) ના દિવસે પ. પૂ. શાસનસમ્રાટ્ **શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી મ. શ્રીના** વરદહસ્તે, મહા-ગુજરાતમાં આવેલ શ્રી સેરીસા તીર્થમાં નૂતન જિનમંદિરમાં શ્રી સેરીસા પાર્શ્વનાથ પ્રભુના પ્રવેશ પ્રસંગે ચાલી રહેલા બૃહદ્નંદ્યાવર્ત પૂજન યુક્ત મહામહોત્સવ પૂર્વક થયેલ છે.

જેઓશ્રીની ગણિપદવી–વિ. સં. ૨૦૦૭ ના કાર્તિક વદ છઠના દિવસે પ. પૂ. આચાર્યવર્ય **શ્રીમદ્ વિજયલાવણ્ય-સૂરીશ્વરજી મ. શ્રીના** વરદહસ્તે, સૌરાષ્ટ્રમાં આવેલ વેરાવળ બંદરમાં તેઓશ્રીના ગુરુવર્ય પૂજ્ય મુનિપ્રવર શ્રી દક્ષવિજયજી મ. શ્રીની સાથે સોળ દિવસના મહામહોત્સવપૂર્વક થયેલી છે.

જેઓશ્રીની પંન્યાસપદવી–વિ. સં. ૨૦૦૭ ના વૈશાખ શુદ ત્રીજ (અક્ષયતૃતીયા) ના દિવસે સ્વ. પૂ. શાસનસમ્રાટ્ના સમુદાયના આઠ પૂજ્યપાદ આચાર્ય મહારાજાદિ વિશાલ સાધુ સમુદાય, સાધ્વી સમુદાય અને શ્રાવક–શ્રાવિકાદિ જૈન–જૈનેતર પ્રજાની સમક્ષ, સ્વ. સમુદાયના પંદર ગણિવરોની સાથે રાજનગર અમદાવાદમાં મહામહોત્સવપૂર્વક થયેલ છે.

જેઓશ્રીની ઉપાધ્યાય અને આચાર્યપદવી–વિ. સં. ૨૦૨૧ ના મહા શુદ ત્રીજના દિવસે ઉપાધ્યાય પદવી અને પાંચમ (વસંત પંચમી)ના દિવસે આચાર્ય પદવી, પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રીમદ્ વિજયદક્ષસૂરીશ્વરજી મ. શ્રીના** વરદહસ્તે, રાજસ્થાનાન્તર્ગત મરૂધરદેશમાં આવેલ સુપ્રસિદ્ધ શ્રી રાણકપુરજી

તીર્થ તથા શ્રી વરકાણાજી તીર્થ સમીપવર્તી મુંડારામાં અભૂતપૂર્વ શાસનપ્રભાવનાપૂર્વક મહામહોત્સવ સહિત થયેલ છે.

તેઓશ્રી-શાસ્ત્રવિશારદ, સાહિત્યરત્ન અને કવિભૂષણ એ પદવી સમલંકૃત છે. તથા પ્રભાવક્તા અને લેખક તરીકે પણ સુપ્રસિદ્ધ છે.

તેઓશ્રીને-શ્રી જેસલમેર તીર્થમાં પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે શ્રીસંઘે ' જૈન દિવાકર ' એ પદવી સમર્પણ કરેલ છે.

તેઓશ્રી-બાલબ્રહ્મચારી, ૩૯ વર્ષના નિર્મલ દીક્ષા પર્યાયવાળા, અને વ્યાકરણ-ન્યાય-સાહિત્ય-છંદ-કોશ-આગમ વગેરે અનેક શાસ્ત્રોના જ્ઞાતા છે. તથા પ્રચાર, સૌજન્યમૂર્તિ, પ્રતિભાશાળી, સચ્ચારિત્રશીલ, ક્રિયાપાત્ર અને જ્ઞાનધ્યાનાદિમાં સદા લીન છે.

તેઓશ્રીએ-વિદ્યમાન ૪૫ આગમના યોગોદ્વહન વિધિપૂર્વક કરવા પૂર્વક શ્રી નવપદજી મહારાજની ઓળી, વીશસ્થાનક તપની આરાધના, વર્ધમાન તપની ૩૩ ઓળી અને તીર્થાધિરાજ શ્રી સિદ્ધગિરિરાજની વિધિ સહિત ૯૯ યાત્રા આદિ કરેલ છે. ચોવીહારો છઠ્ઠ કરીને સાત યાત્રા પણ વિધિપૂર્વક કરેલી છે.

તદુપરાંત સૂરિમંત્રના પંચ પ્રસ્થાનની પણ વિધિપૂર્વક ઓળી સહિત સમ્યગ્ આરાધના કરી છે.

તેઓશ્રીને-પ્રતિદિન ૧૦૮ વાર સૂરિમંત્રનો અખંડ જાપ અપ્રમત્તપણે ચાલુ છે. તેમજ સાત સ્મરણ-જિનપંજર સ્તોત્ર-બૃહચ્છાન્તિ સ્તોત્ર-શ્રી પાર્શ્વનાથ મંત્રાધિરાજ સ્તોત્ર-શ્રી ઋષિમંડલ સ્તોત્ર-શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર-શ્રી શત્રુંજય

લઘુકલ્પ અને શ્રી ગૌતમસ્વામિ અષ્ટક આદિનો સ્વાધ્યાય પણ અદ્યાવધિ ચાલુ જ છે.

જેઓશ્રીએ–નાના–મોટા ૧૦૮ ગ્રંથનું સર્જન કરેલ છે। નાની–મોટી ૫૬ પુસ્તિકાઓ તો પ્રકાશિત કરેલ છે. અન્ય પણ પ્રકાશિત થતી જાય છે. વળી અનેક ગ્રંથોનું સંશોધન અને સંપાદન કાર્ય પણ કરેલ છે.

જેઓશ્રીના સદુપદેશથી શ્રી કાપરડાજી તીર્થમાં 'સમવસરણ મંદિર' તૈયાર થયેલ છે, અને શ્રી બ્રાહ્મણવાડજી તીર્થમા ' શ્રી વર્દ્ધમાન જિનાગમ મંદિર ' તૈયાર થનાર છે.

વળી જેઓશ્રીના સદુપદેશથી શ્રી જૈસલમેર પંચતીર્થીનો જીર્ણોદ્ધાર ચાલી રહ્યો છે.

જેઓશ્રી–ના વરદહસ્તે શ્રી મુછાળા મહાવીર તીર્થમાં, શ્રી કાપરડાજી તીર્થમાં અને શ્રી જૈસલમેર તીર્થમાં પ્રતિષ્ઠા પરમ શાસનપ્રભાવનાપૂર્વક થયેલ છે.

તદુપરાંત સિરોહી, સાદડી, રાણી, ખુંડાળા, ગૂઢા–બાલોતા, અંદોર, મનોરા, જોધપુર, અને નાંદાણા, [નંદનપુર] તીર્થમાં પણ પ્રતિષ્ઠા શાસનપ્રભાવનાપૂર્વક થયેલ છે. ખીમેલમાં અંજનશલાકા અને પ્રતિષ્ઠા અનુપમ શાસનપ્રભાવનાપૂર્વક થયેલ છે.

ઉત્તર ગુજરાત–પાટણ શહેરમાં મણીયાતી પાડામાં પ્રતિષ્ઠા પરમશાસનપ્રભાવનાપૂર્વક થયેલ છે.

જેઓશ્રીના સદુપદેશથી અને જેઓશ્રીની શુભનિશ્રામાં ખોડચી છરીપાળતો સંઘ શ્રી કાપરડાજી તીર્થનો અને

શ્રી રાણકપુરજીની પંચતીર્થીનો શાસનપ્રભાવનાપૂર્વક નીકળેલ છે. ખીમેલથી અને વીજોવાથી પણ છરીપાળતો સંઘ શ્રી રાણકપુરજી પંચતીર્થીનો જેઓશ્રીની શુભ નિશ્રામાં નીકળેલ છે.

વળી સિરોહીથી છરીપાળતો સંઘ શ્રી આબુજી તીર્થનો જેઓશ્રીની પુણ્ય નિશ્રામાં નીકળેલ છે.

જેઓશ્રીની શુભ નિશ્રામાં સાંડેરાવ અને નાણાગામમાં ઉપધાન તપ સુંદર થયેલ છે

જેઓશ્રીની પુણ્યનિશ્રામાં શ્રી કાપરડાજી તીર્થમાં શ્રી કાપરડાજી તીર્થ મંદિર જીર્ણોદ્ધાર અને પ્રતિષ્ઠાને થયેલ પચાસ વર્ષનો ‘ સુવર્ણ જયંતિ મહોત્સવ ’ શાનદાર અનુપમ શાસનપ્રભાવનાપૂર્વક ઉજવાયેલ છે.

જેઓશ્રી જ્યાં જ્યાં વિચરે છે ત્યાં ત્યાં પણ શાસન પ્રભાવક અનેક ધાર્મિક કાર્યો કરાવવાપૂર્વક પ્રાભાવિક પ્રવચનાદિ દ્વારા અનુપમ શાસનપ્રભાવના કરી રહ્યા છે

જેઓશ્રીના—સંસારી પિતાશ્રી અને સંયમ અવસ્થાના ગુરુ, સ્વ. શાસનસમ્રાટ્ પરમપૂજ્ય આચાર્ય મહારાજાધિરાજ શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી મ. શ્રીના શિષ્યરત્ન—વંદન-વયસ્થવિર પૂ. મુનિરાજ શ્રી સંયમવિજયજી મ. ઘણી સુંદર આરાધના કરવાપૂર્વક સ્વર્ગવાસ થયેલ છે.

જેઓશ્રીના—સંસારી વડીલ બંધુ અને સંયમ અવસ્થાના ગુરુ, સ્વ. [illegible] પૂજ્યપાદ આચાર્યદેવશ્રી શ્રીમદ્

વિજયલાવણ્યસૂરીશ્વરજી મ. શ્રીના પ્રધાન પટ્ટધર વ્યાકરણરત્ન-શાસ્ત્રવિશારદ – કવિદિવાકર – દેશનાદક્ષ – શાસનપ્રભાવક પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયદક્ષસૂરીશ્વરજી મ. શ્રી અનુપમ શાસનની પ્રભાવના કરી રહ્યા છે.

જેઓશ્રીની–સંસારી નાની બ્હેન અને સંયમ અવસ્થાના સાધ્વી; સ્વ. શાસનસમ્રાટ્ના સમુદાયના સ્વ. પરમવિદુષી પૂ. સાધ્વી શ્રી પ્રભાશ્રીજી મ. શ્રીના શિષ્યા–બાલબ્રહ્મચારિણી–વિદ્યાનુરાગિણી પૂ. સાધ્વીશ્રી રવીન્દુપ્રભાશ્રીજી મ. પણ સંયમની સુંદર આરાધના કરી રહ્યા છે.


જેઓશ્રીના–વિદ્યમાન શિષ્યરત્નો પૂ. પંન્યાસ શ્રી વિબુધવિજયજી ગણી, પૂ. પંન્યાસ શ્રી વિનોદવિજયજી ગણી, પૂ. મુનિ શ્રી વર્દ્ધમાનવિજયજી મ., પૂ. મુનિ શ્રી જીતેન્દ્રવિજયજી મ., પૂ. મુનિ શ્રી દેવભદ્રવિજયજી મ. તથા પૂ. મુનિ શ્રી શાલિભદ્રવિજયજી મ. આદિ છે.

તથા પ્રશિષ્યો–પૂ. મુનિ શ્રી રમણિકવિજયજી મ. અને પૂ. મુનિ શ્રી વિમલચંદ્રવિજયજી મ. આદિ છે.

એ સર્વે શાસનશોભામાં અભિવૃદ્ધિ કરી રહ્યા છે.



शासनसम्राट् सूरिचक्रचक्रवर्ति-सर्वतन्त्रस्वतन्त्र बालब्रह्मचारी
[illegible] तीर्थोद्धारक-पूज्यपाद - आचार्यमहाराजाधिराज



श्रीमद् विजयनेमिसूरीश्वरजी महाराजसाहेब ।

શ્રી કાપરડાજી તીર્થમાં 'સુવર્ણજયંતિ મહોત્સવ'ના શુભ પ્રસંગ ઉપર પધારવા માટે ત્યાંની કમિટિના પ્રેસીડેન્ટ શા. તેજરાજજી બંસાલી સેક્રેટરી શા પારસમલજી સરાફ તથા શા. ખેતુલીંદજી મહેતા આદિ સજ્જનો આવ્યા બાદ પુનઃ અત્ર આવીને અત્યંત આગ્રહપૂર્વક વિનંતિ કરતાં પ૦ પૂ૦ આ૦ શ્રીમદ્ વિજયપદ્મસૂરીશ્વરજી મ૦ શ્રીની અનુમતિપૂર્વક પૂ૦ આ૦ મ૦ શ્રીએ તેનો સ્વીકાર કર્યો. ત્રીજને દિવસે શા૦ મુળચંદ જેરાજજી ભમત તરફથી પૂજા પ્રભાવના સહિત ભણાવવામાં આવી. ચોથને દિવસે પાલીથી ચાવડી પધાર્યા.

સિરોહીમાં પ્રવેશ અને અષ્ટાહ્નિકા મહોત્સવનો પ્રારંભ—પ૦ પૂ૦ આ૦ મ૦ શ્રી આદિ મહા સુદ પાંચમ (વસંત પંચમી) ને દિવસે સિરોહી પધારતાં શ્રી સંઘે સામૈયું કર્યું. શ્રી હીરસૂરીશ્વરજી જૈન ઉપાશ્રયમાં પધાર્યા બાદ પૂ૦ આ૦ મ૦ શ્રીનું વ્યાખ્યાન થયું. અંતે પ્રભાવના થઈ એ જ દિવસે પૂ૦ આ૦ મ૦ શ્રીની શુભ નિશ્રામાં, વાડાવાળા શા૦ વસંતકુમાર તારાજી તરફથી શા૦ અમનાજી મામાજીએ શ્રી જીરાવલા પાર્શ્વનાથ ભગવાનના મંદિરમાં 'અષ્ટાહ્નિકા-મહોત્સવ' શરૂ કરાવ્યો. તેમાં નવાણું અભિષેકની પૂજા પણ ઠાઠમાઠ પૂર્વક સુંદર ભણાવાઈ. પ્રતિદિન પૂ૦ આ૦ મ૦ શ્રીનું પ્રવચન, તથા પૂજા-પ્રભાવના-આંગી-ભાવના થયેલ.

મહા સુદ નોમે પૂ૦ આ૦ શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ૦ શ્રી આદિ પધારતાં બન્ને આચાર્યોનું મધુર સંમીલન થયું. સંઘમાં આનંદ પ્રસર્યો.

સિરોહીથી શ્રી કાપરડાજી તીર્થ તરફ વિહાર—પ૦ પૂ૦ આ૦ શ્રીમદ્ વિજયસુશીલસ્વરજી મ૦ શ્રી આદિએ મહા (ફાગણ) વદ ત્રીજને દિવસે સિરોહીથી શ્રી કાપરડાજી તીર્થ તરફ વિહાર કર્યો.

ત્રીજ કોલર તીર્થમાં કરી, ચોથે (સિરોહી) પાલડી પધાર્યા. પાંચમે પાલડીથી પોસાલીયા જતાં રસ્તામાં પૂ૦ પં૦ શ્રી ચંદનવિજયજી ગણી પૂ૦ પં૦ શ્રી વિબુધવિજયજી ગણી, મુ૦ શ્રી વર્ધમાનવિજયજી, મુ૦ શ્રી વિકાસવિજયજી, મુ૦ શ્રી અમૃતવિજયજી, મુ૦ શ્રી રત્નશેખરવિજયજી, મુ૦ શ્રી અભયશેખરવિજયજી, મુ૦ શ્રી રમણિકવિજયજી તથા મુ૦ શ્રી કુંદનવિજયજી આદિ મળતાં સર્વને આનંદ થયો.

પાંચમ પોસાલીયા કરી છઠને દિવસે શિવગંજ પધાર્યા. શ્રી સંઘે સામૈયા પૂર્વક પ્રવેશ કરાવ્યો. પીપળીવાળી ધર્મશાળામાં પૂ૦ આ૦ મ૦ શ્રીનું વ્યાખ્યાન થયું. સ્વ૦ પ૦ પૂ૦ આ૦ શ્રીમદ્ વિજયનીતિસૂરીશ્વરજી મ૦ શ્રીના સમુદાયના પૂ૦ પં૦ શ્રી મંગલવિજય મ૦ શ્રી આદિ તથા સ્વ૦ પ૦ પૂ૦ આ૦ શ્રીમદ્વિજયધર્મસૂરીશ્વરજી મ૦ શ્રીના સમુદાયના મુ૦ શ્રી પૂર્ણાનંદવિજયજી મ૦ શ્રી આદિનું સુભગ સંમીલન થયું. સાતમે એક ભાઈ તરફથી પંચકલ્યાણકની પૂજા ભણાવવામાં આવી.

આઠમે પૂ૦ આ૦મ૦ આદિ સુમેરપુર પધાર્યા. નુમે સ્થિરતા કરવા પૂર્વક દશમે સુમેરપુરથી વિહાર કરી ખિવાન્દી પધારતાં પૂ૦ આ૦ મ૦ શ્રી આદિનું શ્રીસંઘે ભાવભીનું ભવ્ય સામૈયું કર્યું. વિદ્યાનુરાગી પૂ૦ આ૦ શ્રી

જિનેન્દ્રસૂરિજી મ૦ આદિ પણ સંઘ સાથે સામે પધારતાં સર્વેને આનંદ થયો. બન્નેનું સુભગ સંમીલન થયું. પ૦ પૂ૦ આ૦ શ્રીમદ્ વિજય સુશીલસૂરીશ્વરજી મ૦ શ્રીનું મંગલ પ્રવચન થયા બાદ પૂ૦ આ૦ શ્રી જિનેન્દ્રસૂરિજી મ૦ આદિએ વિહાર કર્યો શ્રીસંઘના અત્યંત આગ્રહથી પૂ૦ આ૦ મ૦શ્રી એ અમાસ સુધી સ્થિરતા કરી. પ્રતિદિન પૂ૦ આ૦ મ૦ શ્રીના પ્રવચનનો શ્રીસંઘે સારો લાભ લીધો, અને ૨૦૨૫ ની સાલનું ચાતુર્માસ કરવા માટે પૂ૦ આ૦ મ૦ શ્રીને વિનંતિ કરી. ફાગણ સુદ એકમને દિવસે ભિવાન્ડીથી વાંકલી પધારતાં શ્રીસંઘે બેન્ડ સહિત સુંદર સામૈયું કર્યું. પૂ૦ આ૦ મ૦ શ્રીનું મંગલપ્રવચન થયું. બીજને દિવસે વ્યાખ્યાન બાદ બપોરે શ્રીસંઘે ચાતુર્માસની વિનંતિ કરી ત્રીજને દિવસે વાંકલીથી તખતગઢ પધારતા સપરિવાર પૂ૦ આ૦ મ૦ શ્રીનું શ્રીસંઘે સામૈયું કર્યું. ત્રીજ અને ચોથ બન્ને દિવસ પૂ૦ આ૦ મ૦ શ્રીના પ્રવચનનો શ્રીસંઘે લાભ લીધો. પાંચમે તખતગઢથી વિહાર કરી કોસીલાવ પધાર્યા

ભિમાડામાં વડીદીક્ષા—સાંથી ગામના ભિમાડા પધારતા શ્રીસંઘે સામૈયું કર્યું. ત્યાં ઉપધાન પ્રભાવક પ૦ પૂ૦ આચાર્ય પ્રવર શ્રીમદ્વિજયલાવણ્યસૂરીશ્વરજી ગુરુમહારાજ શ્રીના સમાધિ સ્થાનની સ્પર્શના કરવા પૂર્વક જિનમંદિરે દર્શનાદિ કરી, ત્યારબાદ પૂ૦ આ૦ મ૦ શ્રી ભિમાડાનિંક ઉપાશ્રયમાં પધાર્યા. શ્રીસંઘની આગ્રહ વિનંતિથી ફાગણ સુદ દશમ સુધી સ્થિરતા કરી તથા દશમને દિવસે મુનિરાજ શ્રી મનોહરવિજયજી મ૦ના નૂતન શિષ્ય મુનિશ્રી મહેન્દ્રવિજયજીને 'વડીદીક્ષા' આપવામાં આવી. એ પ્રસંગે ભિમાડા નિવાસી શા૦ નૂતનચંદજી છગનાજીએ

૧૦૫ મણ ઘીની ઉછામણી બોલવા પૂર્વક નૂતન શિષ્યને કપડો વહોરાવ્યો હતો અને પ્રભાવના કરી હતી. તેમજ બપોરના પણ પ્રભાવના યુકત પૂજા ભણાવી. વિહાર કરી અગિયારસના દિવસે ખિમાડાથી વિરામી પધાર્યા. ત્યાં પણ ચાતુર્માસની વિનંતિ થઈ.

બારસે વિરામીથી વિહાર કરી ખીમેલ પધાર્યા. ત્યાં પણ શ્રીસંઘે સામૈયું કર્યું. પૂ૦ આ૦ મ૦ શ્રી ના વ્યાખ્યાન બાદ પ્રભાવના કરવામાં આવી. તેરસે ખીમેલથી રાનીસ્ટેશન પધારતાં શ્રીસંઘે સામૈયું કર્યું. પૂ૦ આ૦ મ૦ શ્રીનું પ્રવચન થયું. ફાગણ શુદ ૧૪ (ચોમાસી ચૌદશ) ત્યાં કરી, પુનમે રાનીગામ પધારતાં શ્રીસંઘે સામૈયું કર્યું. પૂ૦ આ૦ મ૦ શ્રીના વ્યાખ્યાન બાદ શ્રીસંઘે પ્રભાવના કરી. ફાગણ (ચૈત્ર) વદ એકમે વ્યાખ્યાન બાદ, પુર્વે પુ૦ આ૦ મ૦ શ્રીની પ્રેરણાથી ત્યાંની ભાખરી ઉપર લેવાએલ વિશાલ બંગલામાં શ્રી જિનમંદિરાદિકના નિર્માણ માટે પુનઃ પૂ૦ આ૦ મ૦ શ્રીએ સદુપદેશ આપ્યો. શ્રી સંઘને પણ એ વાત સારી લાગી.

બીજને દિવસે રાનીગામથી વિહાર કરી ચાચોરી પધારતાં શ્રીસંઘે સામૈયું કર્યું. પૂ૦ આ૦ મ૦ શ્રી નું વ્યાખ્યાન થયું. બપોરે પૂજા પ્રભાવના સહિત ભણાવવામાં આવી.

ત્રીજને દિવસે ખોડ પધારતાં શ્રીસંઘે સામૈયું કર્યું. પૂ૦ આ૦ મ૦ શ્રીનું વ્યાખ્યાન થયું. બપોરે સંઘવી લાલચંદ પ્રતાપચંદજી તરફથી પૂજા પ્રભાવના યુક્ત ભણાવવામાં આવી.

પાંચમે મુ૦ શ્રી ઋદ્ધિચંદ્ર વિ૦ મ૦નું વ્યાખ્યાન થયું. તે દિવસે પણ પ્રભાવના સહિત પૂજા ભણાવવામાં આવી.

છઠ્ઠને દિવસે પૂ૦ આ૦ મ૦ શ્રી આદિ ખોડથી વિહાર કરી ગુંદોજ પધાર્યા આઠમ સુધી સ્થિરતા કરી આઠમને દિવસે શા૦ મોહનલાલ પ્રેમચંદજી તરફથી પ્રભાવના સહિત પૂજા ભણાવવામાં આવી ગુંદોજના સંઘે પણ ચાતુર્માસની વિનંતિ કરી

નૌમને દિવસે ગુંદોજથી વિહાર કરી દાભાસાની પાડે સ્થિરતા કરી. ગુંદોજથી અને પાલીથી સંઘના સદ્ગૃહસ્થો વંદનાર્થે આવ્યા.

દશમને દિવસે પૂ૦ આ૦ મ૦ શ્રી આદિ પાલી પધાર્યા શ્રીસંઘે આવવીનું સામૈયું કર્યું. પ૦ પૂ૦ આ૦ શ્રીમદ્ વિજયધામચંદ્રસૂરીશ્વરજી મ૦ શ્રીના વિદ્વાન્ શિષ્યરત્ન પંન્યાસજી મુક્તિવિજયજી ગણિવરાદિનું સુભગ સંમીલન થયું. પ૦પૂ૦આ૦મ૦ શ્રી અને પૂ૦ પંન્યાસજી મ૦ એ બન્નેનું પ્રવચન થતાં શ્રી સંઘમાં અતીવ આનંદ પ્રવર્ત્યો.

અગીયારસના દિવસે સપરિવાર પૂ૦ આ૦ મ૦ શ્રીએ સર્વમન્દિરના દર્શનાદિ આનંદ કર્યાં.

શ્રી કાપરડાજી તીર્થમાં પ્રવેશ-પ૦ પૂ૦ આ૦ મ૦ શ્રી આદિએ દ.સપુ (પોષ) વદ બારસે પાલીથી વિહાર કર્યો. બારસ નીંબલી તેરસ સરદાર સમંદ, ચૌદસ રૂપાવાસ અને અમાસ ગ્યારસી વિહરતા કરી, પોષ સુદ એકમને ગુરુવારના દિવસે શાસનપ્રભાવક પ૦ પૂ૦ આ૦ મ૦ શ્રી, મુ૦ શ્રી ઋદ્ધિચંદ્રવિજયજી, મુ૦ શ્રી મનોહરવિજયજી, મુ૦ શ્રી

ચંદ્રશેખરવિજયજી, મુ૦ શ્રી પ્રમોદવિજયજી અને મુ૦ શ્રી શ્રમણકલ્પવિજયજી આદિ સહિત શ્રી કાપરડાજી તીર્થમાં પધારતાં શ્રી કાપરડા તીર્થ વ્યવસ્થાપક કમિટિ તથા સ્વર્ણજયંતિ સમારોહ સમિતિ તરફથી સ્વાગત સામૈયું કરવામાં આવ્યું.

